સમય સંદેશ

પ્રોપટી લે-વેચ, પ્રોડકટ, રોજગાર, જાહેર નોટીસ,વકીલ નોટીસ, પ્રેસનોટ, નામ ચેન્જ જેવી દરેક પ્રકારની જાહેરાત આપવા માટે

**સમય સંદેશ કાર્યાલય**

૫૩૬-પાંચમો માળ, ઈન્દ્રપ્રસ્થ, પંચેશ્વર ટાવર રોડ, જામનગર-૩૬૧૦૦૧

મો.૮૮૬૬૦૬૬૦૬૦

સમય તમારો, સંદેશ અમારો...

# સમય સંદેશ

ભાદરવા સુદ - ૧૨ ■ તંત્રી : અશોક એલ.રાઠોડ ■ સહ તંત્રી : રાજેશ એ.રાઠોડ

સમગ્ર ગુજરાતમાં વિશાળ વાંચક વર્ગ ધરાવતું જામનગરથી પ્રસિદ્ધ થતું સવારનું દૈનિક અખબાર


**આજનો સુવિચાર**

પરિસ્થિતિઓ જેટલી જલદી તમને તોડે છે, તેનાથી ઘણી વધારે તમને મજબૂત બનાવી દે છે!


વર્ષઃ ૧૧ • અંકઃ ૨૯૧ • તારીખઃ ૨૩.૦૯.૨૦૨૬, બુધવાર • પાનાઃ૪ • કિંમત રૂા. ૨.૫૦ • SAMAY SANDESH DAILY MORNING NEWS PAPER • POSTING: JAMNAGAR STG

E-MAIL: samaysandeshnewstv@gmail.com • RNI NO. GUJ GUJ/2015/64531 • POSTAL REGISTERED NUMBER GJN-228 • OFFICE MOB. NO. 8866066060


## એકતાનગરમાં ૭૨મો નેશનલ ફિલ્મ એવોર્ડ સમારોહ યોજાયો..



નર્મદા ના એકતાનગર ખાતે ગઈકાલે રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુના અધ્યક્ષસ્થાને ૭૨મા નેશનલ ફિલ્મ એવોર્ડ સમારોહનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં KGF ફેમ દક્ષિણ ભારતના પીઢ અભિનેતા અનંત નાગને સિનેમાના સર્વોચ્ચ 'દાદાસાહેબ ફાળકે પુરસ્કાર'થી સન્માનિત કરાયા હતા. આ સમારોહમાં બોલિવૂડ એક્ટર કાર્તિક આર્યન ('ચંદુ ચેમ્પિયન') અને મલયાલમ સુપરસ્ટાર મામૂટી ('બ્રહ્મયુગમ')ને સંયુક્ત રીતે બેસ્ટ એક્ટર, જ્યારે યામી ગૌતમને ('આર્ટિકલ ૩૭૦') બેસ્ટ એક્ટ્રેસનો નેશનલ એવોર્ડ મળ્યો હતો. આ ઉપરાંત, 'આર્ટિકલ ૩૭૦'ને શ્રેષ્ઠ ફીચર ફિલ્મ, 'શ્રીકાંત'ને શ્રેષ્ઠ હિન્દી ફિલ્મ તથા ગુજરાતી સિનેમાની ફિલ્મ 'મારણ'ને શ્રેષ્ઠ ગુજરાતી ફિલ્મનો રાષ્ટ્રીય પુરસ્કાર પ્રાપ્ત થયો હતો. રાષ્ટ્રપતિએ તમામ વિજેતાઓને બિરદાવી કલાકારોને સ્વાસ્થ્ય માટે હાનિકારક પદાર્થોની જાહેરાતોથી દૂર રહેવા ટાકોર કરી હતી.

## નર્મદા જિલ્લામાં દક્ષિણના પીઢ કલાકાર અનંત નાગને 'દાદાસાહેબ ફાળકે એવોર્ડ' એનાયત

### કાર્તિક આર્યન અને મામૂટી સંયુક્ત રીતે બેસ્ટ એક્ટર, યામી ગૌતમ બેસ્ટ એક્ટ્રેસ, જ્યારે 'મારણ' શ્રેષ્ઠ ગુજરાતી ફિલ્મ જાહેર

**સમય સંદેશઃ કેવડિયા**

નર્મદા જિલ્લાના એકતાનગર (કેવડિયા) ખાતે ગઈકાલે (૨૨ સપ્ટેમ્બર) ૭૨મા નેશનલ ફિલ્મ એવોર્ડ સમારોહનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુના હસ્તે ભારતીય સિનેમા ક્ષેત્રે ઉત્કૃષ્ટ પ્રદાન આપનાર કલાકારોને પુરસ્કૃત કરવામાં આવ્યા હતા. આ પ્રસંગે KGF ફેમ દક્ષિણ ભારતના પીઢ અભિનેતા અનંત નાગને સિનેમાના સર્વોચ્ચ 'દાદાસાહેબ ફાળકે પુરસ્કાર'થી સન્માનિત કરાયા હતા. એવોર્ડ સ્વીકારતા તેમણે આ સન્માનને પોતાની ૫૫ વર્ષની અભિનય યાત્રામાં સાથ આપનાર તમામ ટેકનિશિયનો અને ચાહકોને સમર્પિત કર્યું હતું. આ તકે કેન્દ્રીય મંત્રી અશ્વિની વૈષ્ણવે દિલ્હી બહાર ટુરિસ્ટ પ્લેસ ખાતે આવા કાર્યક્રમ યોજવાના હેતુને સ્પષ્ટ કર્યો હતો, જ્યારે રાષ્ટ્રપતિએ કલાકારોને સ્વાસ્થ્ય માટે હાનિકારક પદાર્થોની જાહેરાતોથી દૂર રહેવા ટાકોર કરી હતી.

આ વર્ષે બેસ્ટ એક્ટરનો નેશનલ એવોર્ડ સંયુક્ત રીતે બોલિવૂડ એક્ટર કાર્તિક આર્યન ('ચંદુ ચેમ્પિયન') અને મલયાલમ સુપરસ્ટાર મામૂટી ('બ્રહ્મયુગમ')ને એનાયત કરાયો હતો. જ્યારે ફિલ્મ 'આર્ટિકલ ૩૭૦' માટે યામી ગૌતમને બેસ્ટ એક્ટ્રેસનો એવોર્ડ મળ્યો હતો. ઉપરાંત, 'આર્ટિકલ ૩૭૦'ને શ્રેષ્ઠ ફીચર ફિલ્મ અને 'શ્રીકાંત'ને શ્રેષ્ઠ હિન્દી ફિલ્મ તરીકે સન્માનિત કરવામાં આવી હતી. ગુજરાતી સિનેમા માટે ગૌરવરૂપ ક્ષણ એ રહી કે ફિલ્મ 'મારણ'ને શ્રેષ્ઠ ગુજરાતી ફિલ્મનો રાષ્ટ્રીય પુરસ્કાર પ્રાપ્ત થયો હતો, જે અંગે ફિલ્મના ડિરેક્ટર અભિષેક જૈને ખુશી વ્યક્ત કરી હતી.

અનુ પાના નં.૨ પર

## પેઈનકિલર્સ અને એન્ટિબાયોટિક્સ દવાઓ માટે સરકારની નવી ગાઈડલાઈન, દર્દીઓ, ડોક્ટરો અને ફાર્માસિસ્ટ માટે કડક સૂચનાઓ

**સમય સંદેશઃ નવીદિલ્હી**

સેન્ટ્રલ ડ્રગ્સ સ્ટાન્ડર્ડ કંટ્રોલ ઓર્ગેનાઈઝેશન (CDSCO)ના ન્યૂ ડ્રગ્સ ડિવિઝને દુખાવાની દવાઓ (NSAIDs) અને એન્ટિબાયોટિક્સના અંધાધૂંધ ઉપયોગ અંગે પરિપત્ર બહાર પાડ્યો છે. પરિપત્રમાં કહેવામાં આવ્યું છે કે NSAIDs અને એન્ટિબાયોટિક્સ સહિત તમામ દવાઓના આયાત, ઉત્પાદન, વેચાણ અને વિતરણને ડ્રગ્સ એન્ડ કોસ્મેટિક્સ એક્ટ, ૧૯૪૦ અને તેના હેઠળ બનાવવામાં આવેલા નિયમો અનુસાર નિયંત્રિત કરવામાં આવે છે. સરકારના જણાવ્યા અનુસાર, ગજઅઈઉત અને એન્ટિબાયોટિક્સ સહિત તમામ દવાઓનું વેચાણ અને વિતરણ દેશમાં માત્ર રજિસ્ટર્ડ તબીબી વ્યાવસાયિક (ડોક્ટર) અથવા નિષ્ણાતની સલાહ પર જ થવું જોઈએ. દવાઓના સંભવિત જોખમોને ધ્યાનમાં રાખીને, NSAIDs અને એન્ટિબાયોટિક્સ સહિતની ઘણી દવાઓને ડ્રગ્સ રૂલ્સ, ૧૯૪૫ હેઠળ રાખવામાં આવી છે. આ માટે યોગ્ય તબીબી દેખરેખ જરૂરી છે. CDSCO મુજબ, આવી દવાઓ પર ડ્રગ્સ રૂલ્સ, ૧૯૪૫ ના નિયમ ૯૭ અનુસાર નિર્ધારિત ચેતવણી, સાવચેતીઓ અને વેચાણની શરતો પણ દર્શાવવી જરૂરી છે. પરિપત્ર અનુસાર, મોટાભાગની પેઈનકિલર દવાઓને ડ્રગ્સ રૂલ્સ, ૧૯૪૫ ની અનુસૂચિ Hમાં સામેલ કરવામાં આવી છે. તેથી રજિસ્ટર્ડ તબીબના પ્રિસ્ક્રિપ્શન વગર તેને રિટેલ સ્તરે વેચી શકાય નહીં. તેવી જ રીતે, મોટાભાગની એન્ટિબાયોટિક દવાઓ અનુસૂચિ H1માં સામેલ છે. તેમના પર એ ચેતવણી લખવી જરૂરી છે કે તબીબી સલાહ મુજબના ઉપયોગ સિવાય આ દવાઓનું સેવન જોખમી હોઈ શકે છે. સાથે જ, રજિસ્ટર્ડ તબીબના પ્રિસ્ક્રિપ્શન વગર તેને રિટેલ સ્તરે ન વેચવી જોઈએ.

## વડી અદાલત લાલઘૂમઃ કેન્સરની દવા ૨,૭૦૦ની, MRP ૨૭ હજાર સુપ્રીમ કોર્ટે કહ્યું, 'આ ધોળા દિવસે લૂંટ છે'

**સમય સંદેશઃ નવીદિલ્હી**



સુપ્રીમ કોર્ટે કેન્સરની દવાઓ પર ૧૦ ગણી વધુ કિંમત વસૂલવાને 'ધોળા દિવસે લૂંટ' ગણાવી છે. કેન્સરની દવાઓની MRP સાથે જોડાયેલી એક અરજી પર સુપ્રીમ કોર્ટમાં સુનાવણી થઈ હતી, જેમાં કોર્ટે એક મહત્વપૂર્ણ ટિપ્પણી કરી હતી. સુપ્રીમ કોર્ટે કહ્યુ કે કેન્સરની જરૂરી દવાઓ ૨૭,૦૦૦માં વેચાઈ રહી છે, જ્યારે તેમની ડ્ઝછ (રીટેલરને મળતી કિંમત) માત્ર ૨,૭૦૦ છે. આ ધોળા દિવસે લૂંટ છે. દર્દીને એવી દવા માટે કેવી રીતે ઠગી શકાય, જેને બનાવનારી કંપની રીટેલરને ૨,૭૦૦માં વેચે છે, પરંતુ તેના પર MRP ૨૭,૦૦૦ છાપવામાં આવે છે એટલે કે ૧૦ ગણી વધુ. જસ્ટિસ સંદીપ મહેતાએ સુનાવણી દરમિયાન કહ્યું કે, નવાઈની વાત એ છે કે જે અધિકારીઓએ આના પર નિર્ણય લેવો જોઈએ, તેઓ સંપૂર્ણપણે મૌન છે. તેમણે ઉમેર્યું કે અમારે આનું કારણ આપવાની જરૂર નથી.

સુપ્રીમ કોર્ટે વધુમાં કહ્યું, 'જ્યારે દર્દીઓ આયુષ સ્કીમ હેઠળ સારવાર કરાવી રહ્યા હોય છે, ત્યારે તેનો પૂરો ખર્ચ કરદાતાઓએ (ટેક્સપેયર્સ) ભોગવવો પડે છે. હોસ્પિટલો આ ઊંચી કિંમતો પર દવાઓ ખરીદે છે, અને પછી સરકાર પાસેથી તેના પૈસા રી-ઈમ્બર્સ (પાછા) મેળવે છે. આખરે આ કરદાતાઓના જ પૈસા છે. આ સ્પષ્ટપણે છેતરપિંડીનો મામલો છે'. સુપ્રીમ કોર્ટે એ વાત પર ભાર મૂક્યો કે દવા ઉત્પાદકો અને સપ્લાય ચેઈનને અનુચિત પ્રોફિટ માર્જિન કમાવવાની છૂટ આપવામાં આવે છે, જ્યારે નિયામક સંસ્થાઓ (રેગ્યુલેટરી બોડીઝ) બીજી તરફ જોતી રહે છે, જેના કારણે ગંભીર બીમારીઓ સામે લડી રહેલા પરિવારો ગંભીર નાણાકીય સંકટમાં ફસાઈ જાય છે.

કોર્ટના જણાવ્યા અનુસાર, ખાનગી હોસ્પિટલો અને વિતરકો ઓછી જથ્થાબંધ કિંમતે દવાઓ ખરીદીને અને વધારેલી મહત્તમ છૂટક કિંમત પર રી-ઈમ્બર્સમેન્ટનો દાવો કરીને કરદાતાઓના પૈસાથી ચાલતી આરોગ્ય સેવાઓમાંથી ભારે સબસીડી વસૂલે છે. અદાલતે સંકેત આપ્યો કે જીવનરક્ષક દવાઓ પર પ્રોફિટ માર્જિનને મર્યાદિત કરવા અને ખાનગી તથા સરકારી સહાયતા પ્રાપ્ત તબીબી સારવાર બંનેમાં વ્યાપક નાણાકીય છેતરપિંડી રોકવા માટે તાત્કાલિક નિયમનકારી હસ્તક્ષેપની (રેગ્યુલેટરી ઈન્ટરવેન્શન) જરૂર છે.

## વ્યારા ખાતે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના હસ્તે ૯૧૦ કરોડના મેડિકલ કોલેજ અને હોસ્પિટલ પ્રોજેક્ટનો પ્રારંભ



**સમય સંદેશઃ વ્યારા**

દક્ષિણ ગુજરાત અને મહારાષ્ટ્રના સરહદી વિસ્તારોના આદિવાસી સમુદાય માટે તબીબી સેવા ક્ષેત્રે એક ઐતિહાસિક તબક્કાનો શુભારંભ થયો છે. તાપી જિલ્લાના મુખ્ય મથક વ્યારા ખાતે ટોરેન્ટ ગ્રુપના યુ.એન.એમ. ફાઉન્ડેશન દ્વારા ગુજરાત સરકાર સાથેની જાહેર-ખાનગી ભાગીદારી હેઠળ રૂ. ૯૧૦ કરોડના ખર્ચે મેડિકલ કોલેજ અને જનરલ હોસ્પિટલ પ્રોજેક્ટ હાથ ધરવામાં આવ્યો છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ગઈકાલે (૨૨ સપ્ટેમ્બર) વ્યારા ખાતે ૩૧૭ બેડની અત્યાધુનિક 'ટ્રાન્ઝિશનલ' હોસ્પિટલ સુવિધાનું લોકાર્પણ કર્યું હતું, તેમજ ૮૦૦ બેડની નવી વિશાળ યુ.એન.એમ. જનરલ હોસ્પિટલ ઈમારતનું ભૂમિપૂજન કર્યું હતું. આ પ્રસંગે આદિજાતિ વિકાસ મંત્રી નરેશભાઈ પટેલ અને રાજ્ય કક્ષાના મંત્રી ડો. જયરામ ગામિત પણ ખાસ ઉપસ્થિત રહ્યા હતા. આ મહત્વાકાંક્ષી પ્રોજેક્ટનો સંપૂર્ણ ૯૧૦ કરોડનો ખર્ચ યુ.એન.એમ. ફાઉન્ડેશન દ્વારા વહન કરવામાં આવશે. પ્રોજેક્ટના આગામી તબક્કામાં ૧૫૦ બેઠકો ધરાવતી ખઇઇજ મેડિકલ કોલેજ અને હોસ્ટેલનું નિર્માણ થશે. આ નવી વ્યવસ્થાથી તાપી અને આસપાસના વિસ્તારોના ૮ લાખથી વધુ લોકોને ઘરઆંગણે જ સુપર સ્પેશિયાલિટી સારવાર મળશે અને ૭૫ કિલોમીટર દૂર સુરત સુધી જવાની મુશ્કેલીમાંથી મુક્તિ મળશે. નવી હોસ્પિટલનું નિર્માણ કાર્ય ચાલુ હોય ત્યારે પણ દર્દીઓની સારવારમાં ખલેલ ન પહોંચે તે માટે હાલની ૧૫૬ બેડની જૂની જનરલ હોસ્પિટલની સારવારને આ નવનિર્મિત ૩૧૭ બેડની ટ્રાન્ઝિશનલ સુવિધામાં ખસેડવામાં આવી છે. નવી ટ્રાન્ઝિશનલ હોસ્પિટલ ૯,૯૮૬ ચોરસ મીટર એરિયામાં પથરાયેલી છે, જેમાં ૨૭૧ વોર્ડ બેડ, ૪૬

અનુ પાના નં.૨ પર

## જામનગર કમિશનર દિપેશ કેડિયાની જનતાને અપીલ

### પાણીની અછતની ચિંતા નથી, છતાં કરકસર જરૂરી; શહેરને દૈનિક ૧૦થી ૧૨ MCFT પાણીની આવક

**સમય સંદેશઃ જામનગર**




તસવીરઃ હિરેન ગાંધી

જામનગર મહાનગર પાલિકાના કમિશનર દિપેશ કેડિયાએ શહેરના નાગરિકોને પાણીનો કરકસરપૂર્વક ઉપયોગ કરવા, બાકી મિલકત વેરો સમયસર ભરપાઈ કરવા તેમજ સ્વચ્છતા જાળવવા ખાસ અપીલ કરી છે. તેમણે જણાવ્યું હતું કે સૌરાષ્ટ્રમાં વરસાદનું પ્રમાણ ઓછું હોવા છતાં દક્ષિણ ગુજરાતમાં સારો વરસાદ અને નર્મદા ડેમમાં પર્યાપ્ત જથ્થો ઉપલબ્ધ હોવાથી આગામી ચોમાસા સુધી શહેરને જરૂરિયાત મુજબ પાણી પૂરું પાડવામાં આવશે. હાલ જામનગરમાં દૈનિક ૧૫૦ MLD પાણીની ખપત સામે છેલ્લા એક-બે અઠવાડિયાથી

અનુ પાના નં.૨ પર

## ટ્રાઈનો નવો નિયમ, હવે ડેટા વગરના માત્ર કોલિંગ અને SMS વાળા સસ્તા પ્લાન મળશે

**સમય સંદેશઃ નવીદિલ્હી**

દેશમાં મોબાઈલ રિચાર્જ વાપરતા કરોડો ગ્રાહકો માટે અત્યંત ૦૯ના સમાચાર આવ્યા છે. ટેલિકોમ રેગ્યુલેટરી ઓથોરિટી ઓફ ઈન્ડિયા દ્વારા 'ટેલિકોમ કન્ઝ્યુમર પ્રોટેક્શન રેગ્યુલેશન ૨૦૨૬' ની જાહેરાત કરવામાં આવી છે. આ નવા નિયમો અંતર્ગત જિઓ, એરટેલ અને વોડાફોન-આઈડિયા સહિતની તમામ ટેલિકોમ કંપનીઓએ હવે ગ્રાહકો માટે માત્ર વોઈસ (કોલિંગ) અને જખજવાળા સસ્તા પ્લાન આપવા ફરજિયાત બનશે. સરકારી ગેઝેટમાં પ્રકાશિત થયાના 30 દિવસ બાદ આ નવો નિયમ સમગ્ર દેશભરમાં અમલી બની જશે, જેનાથી માત્ર કોલિંગ સેવા ઈચ્છતા યુઝર્સને મોંઘા ડેટા

અનુ પાના નં.૨ પર

## ધ્રોલના વિરોધપક્ષ નેતાશ્રી અદનાન અમીનભાઈ ઝન્નરને જોડિયા તાલુકા અને જોડિયા શહેર કોંગ્રેસ સમિતિના પ્રભારી તરીકે નિમણૂક

**સમય સંદેશઃ ધ્રોલ**



ગુજરાત પ્રદેશ કોંગ્રેસના સંગઠનને વધુ મજબૂત બનાવવા માટે ધ્રોલ નગરપાલિકાના વિરોધપક્ષ નેતાશ્રી અદનાન અમીનભાઈ ઝન્નરને આજરોજ જોડિયા તાલુકા કોંગ્રેસ સમિતિ તથા જોડિયા શહેર કોંગ્રેસ સમિતિના પ્રભારી તરીકે મહત્વની જવાબદારી સોંપવામાં આવી છે.

અદનાન અમીનભાઈ ઝન્નર અગાઉ ધ્રોલ શહેર કોંગ્રેસ સમિતિના પૂર્વ પ્રમુખ તરીકે સફળતાપૂર્વક કામગીરી બજાવી ચૂક્યા છે અને હાલમાં ધ્રોલ નગરપાલિકાના વિરોધપક્ષના નેતા તરીકે સક્રિયપણે જનહિતના પ્રશ્નો ઉઠાવી રહ્યા છે. તેમની સંગઠન ક્ષમતા, કાર્યકરો સાથેનો સતત સંપર્ક અને જનસેવાના અભિગમને ધ્યાનમાં રાખી કોંગ્રેસ પક્ષ દ્વારા તેમને જોડિયાની મહત્વપૂર્ણ જવાબદારી સોંપવામાં આવી છે. આ નિમણૂકના સમાચાર મળતા જ યુવા કાર્યકરો, કોંગ્રેસના આગેવાનો તથા શુભેચ્છકોમાં ખુશીની લાગણી વ્યાપી ગઈ છે. કાર્યકરોએ વિશ્વાસ વ્યક્ત કર્યો છે કે અદનાન ઝન્નરના નેતૃત્વમાં જોડિયા તાલુકા અને શહેરમાં કોંગ્રેસ સંગઠન વધુ મજબૂત બનશે અને જનતાના પ્રશ્નોને વધુ અસરકારક રીતે વાચા મળશે. કોંગ્રેસ પરિવારના આગેવાનો અને કાર્યકરોએ અદનાન અમીનભાઈ ઝન્નરને નવી જવાબદારી બદલ હાર્દિક અભિનંદન પાઠવી તેમની સફળ કામગીરી માટે શુભકામનાઓ વ્યક્ત કરી છે.

## તેલંગાણાના આદિલાબાદની હોસ્પિટલમાં આગ લાગતાં ૩ શિશુઓના મોત

### આદિલાબાદ RIMS હોસ્પિટલના SNCU વોર્ડમાં AC ક્ષતિગ્રસ્ત થતાં હોનારત સર્જાઈ; અમદાવાદમાં સિલ્વર ઓક કોલેજ નજીક ક્રેન ચાલકે ૧૯ વર્ષીય વિદ્યાર્થીનીનો ભોગ લીધો

**સમય સંદેશઃ ડેસ્ક**

દેશમાં બે અલગ-અલગ દુઃખદ ઘટનાઓમાં નિર્દોષ જિંદગીઓએ જીવ ગુમાવ્યા છે. તેલંગાણાના આદિલાબાદ સ્થિત રાજીવ ગાંધી ઈન્સ્ટિટ્યૂટ ઓફ મેડિકલ સાયન્સ (RIMS) ના સ્પેશિયલ ન્યુબોર્ન કેર યુનિટ (SNCU) માં સોમવારે મોડી રાત્રે ૧૧:૪૦ વાગ્યાના અરસામાં એસી યુનિટમાં ટેકનિકલ ખામીના કારણે અચાનક ભીષણ આગ ફાટી નીકળી હતી. આ અકસ્માત સમયે વોર્ડમાં ૨૪ નવજાત બાળકો સારવાર હેઠળ હતા. આખો વોર્ડ ગાઢ ધુમાડાથી ભરાઈ જતાં અફરાતફરી મચી ગઈ હતી. બચાવ કામગીરી દરમિયાન ૨૦થી વધુ બાળકોને અન્ય હોસ્પિટલોમાં ખસેડવામાં આવ્યા હતા. જોકે, સારવાર દરમિયાન પાંચ દિવસના એક નવજાત સહિત કુલ ૩ માસૂમ બાળકોના મોત નિપજ્યા છે. આદિલાબાદ જિલ્લા કલેક્ટર રાજર્ષિ શાહ અને એસપી અખિલ મહાજને ઘટનાસ્થળની મુલાકાત લઈ ઘટના અંગે ઊંડી તપાસના આદેશ આપ્યા છે.

બીજી તરફ, અમદાવાદના ગોતા વિસ્તારમાં સિલ્વર ઓક કોલેજ નજીક એક હૃદયદ્રાવક માર્ગ અકસ્માત સર્જાયો હતો. સિલ્વર

અનુ પાના નં.૨ પર

## એસ્ટેટ શાખાનું દબાણ હટાવ ઝુંબેશઃ ગુલાબનગરથી રેકડીઓ અને તળાવની પાળ નવા રોડ પરથી ઝૂંપડા હટાવાયા





તસવીરઃ હિરેન ગાંધી

જામનગર મહાનગરપાલિકાની એસ્ટેટ શાખા દ્વારા શહેરના મુખ્ય માર્ગો અને જાહેર જગ્યાઓ પરથી દબાણો દૂર કરવા માટે કડક કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. જે અંતર્ગત એસ્ટેટ શાખાની ટીમ દ્વારા ગુલાબનગર વિસ્તારમાંથી રસ્તાને અવરોધરૂપ બનેલી રેકડીઓ તેમજ તળાવની પાળ નજીક નવા બનેલા રોડ પરથી ગેરકાયદેસર ઝૂંપડાં હટાવીને જમીન ખુલ્લી કરવામાં આવી હતી. મનપાની આ અચાનક હાથ ધરાયેલી કામગીરીથી દબાણકર્તાઓમાં ફફડાટ વ્યાપી ગયો હતો. એસ્ટેટ શાખા દ્વારા આગામી દિવસોમાં પણ શહેરના સુચારુ વાહન વ્યવહાર અને સ્વચ્છતા જાળવવા માટે દબાણ હટાવ ઝુંબેશ સતત ચાલુ રાખવામાં આવશે તેમ જાણવા મળ્યું છે.

## તંત્રી સ્થાનેથી..


# રક્ત પ્યાસી મેડિકલ માફીયા !

મહારાષ્ટ્રમાં કમિશનરનું પદ સંભાળ્યા પછી, મુંઢેએ રાજ્યભરમાં ખાદ્ય ભેળસેળ અને હાનિકારક ખાદ્ય ઉત્પાદનો સામે જોરદાર ઝુંબેશ શરૂ કરીને તેઓ જોતજોતામાં દેશભરમાં લોકપ્રિય થઈ ગયા એનું કારણ એ છે કે સારા અધિકારીઓનો ભારતમાં દુષ્કાળ છે. આ મહત્વપૂર્ણ પહેલને પગલે, મોટી માત્રામાં અસુરક્ષિત ખાદ્ય પદાર્થો જપ્ત કર્યા છે જે જાહેર આરોગ્ય માટે ખતરો ઉભો કરે છે. હોસ્પિટલમાં સારવારનો ખર્ચ પણ ઝડપથી વધ્યો છે. નેશનલ સ્ટેટિસ્ટિકલ ઓફિસના આંકડાઓના આધારે થયેલા તાજેતરના વિશ્લેષણ મુજબ ૨૦૧૭-૧૮થી ૨૦૨૩-૨૪ દરમિયાન ગ્રામીણ ભારતમાં હોસ્પિટલાઈઝેશનનો સરેરાશ ખર્ચ આશરે ૯૭ ટકા અને શહેરી ભારતમાં ૭૭ ટકા વધ્યો હતો. આ જ સમયગાળામાં વીમા અને સરકાર દ્વારા નાણાકીય સહાયથી મળતું આરોગ્ય કવરેજ પણ વધ્યું હતું. તેમ છતાં સારવારનો મૂળ ખર્ચ સતત વધતો રહ્યો. આ વિરોધાભાસ નોંધપાત્ર છે : વધુ લોકો પાસે કોઈને કોઈ પ્રકારનું આર્થિક રક્ષણ હોવા છતાં સારવાર મેળવવાનો વાસ્તવિક ખર્ચ વધી રહ્યો છે. આરોગ્ય વીમો પણ દરેક સમસ્યાનો અંત લાવતો નથી. વીમાધારકોએ ક્લેમ રિજેક્ટ થવા, ચુકવણીમાં વિલંબ, આંશિક ચુકવણી અને જરૂરી દસ્તાવેજો અંગેના વિવાદ જેવી સમસ્યાઓનો સામનો કરવો પડે છે. જૂન ૨૦૨૬ના એક અહેવાલ મુજબ નાણાકીય વર્ષ ૨૦૨૪-૨૫માં લગભગ દર બાર આરોગ્ય વીમા ક્લેમમાંથી એક ક્લેમ રદ કરવામાં આવ્યો હતો. આ સાથે ઈરડાઈએ વીમા કંપનીઓ માટે ક્લેમ રિજેક્ટ કરવાના કારણો અને સંબંધિત પોલિસી જોગવાઈઓ સ્પષ્ટ કરવાની જરૂરિયાત અંગે વધુ કડક નિયમો લાગુ કર્યા છે. રૂપિયા ૨૯ માં ખરીદેલા કેથેટરની ૧૦ હતી. જ્યારે સપ્લાય ચેઈનમાં કેટલાક વધારાના ખર્ચ પણ સામેલ છે, હોસ્પિટલો અને તેમના મેડિકલ સ્ટોર્સ આ દવાઓમાંથી બેફામ નફો કરી રહ્યા છે. તે દુઃખદ છે કે, જ્યાં દર્દીઓ પહેલેથી જ બીમારીથી પીડાઈ રહ્યા છે, ત્યાં દવાના ભાવ અંગે પારદર્શિતાનો અભાવ તેમની પીડાને વધારે છે. કમિશનર મુંઢેએના તારણો અને ભલામણો કેન્દ્ર સરકારને મોકલી છે, જેમાં વિનંતી કરવામાં આવી છે કે તબીબી ઉપકરણો પર કિંમત ઓડિટ અને નફાની મર્યાદા પર ગંભીરતાથી વિચાર કરવામાં આવે, સાથે સાથે એક મજબૂત દેખરેખ પ્રણાલી વિકસાવવામાં આવે. આમ, આ મહત્વપૂર્ણ મામલો હવે ફાર્માસ્યુટિકલ્સ વિભાગ સહિત રાષ્ટ્રીય નિયમનકારી સંસ્થાઓ સમક્ષ છે. એક પ્રામાણિક અધિકારીની મજબૂત પહેલને કારણે આ મામલો ઉજાગર થયો છે તે આનંદદાયક છે.





## હાલારના હાલહવાલ


# ભાણવડમાં મેઘમહેરઃ બે ઈંચ વરસાદ

## ખંભાળીયા સહિતના જીલ્લામાં મેઘરાજા વરસી પડયા : ખેડુતોમાં રાહત

**સમય સંદેશઃ ભાણવડ**

ચોમાસાની વિદાયના દિવસો વચ્ચે દેવભૂમિ દ્વારકા જિલ્લામાં મેઘરાજાએ પુનઃ પધરામણી કરી છે. ખાસ કરીને ભાણવડ પંથકમાં અચાનક વાતાવરણમાં પલટો આવ્યા બાદ સાંજના સમયે ધોધમાર વરસાદ શરૂ થયો હતો. ભાણવડમાં કુલ ૪૯ મી.મી. (બે ઈંચ) જેટલો વરસાદ નોંધાતા માર્ગો પર પાણીના પ્રવાહો વહેતા થયા હતા. છેલ્લા કેટલાક સમયથી વરસાદની ખેંચ અનુભવી રહેલા ખેડૂતો માટે આ વરસાદ આશીર્વાદરૂપ સાબિત




થયો છે અને સુકાતી મોલાતને નવજીવન મળતા કૃષિકારોમાં આનંદની લહેર ફેલાઈ છે.

આ ઉપરાંત ખંભાળિયા તાલુકામાં પણ રાત્રિના સમયે વીજળીના કડાકા-ભડાકા અને પવન સાથે ભારે વરસાદી ઝાપટાં પડ્યા હતા, જેના કારણે વાતાવરણમાં આહલાદક ઠંડક પ્રસરી ગઈ હતી. જોકે, ખંભાળિયા શહેરમાં રાત્રિના સમયે લાંબા સમય સુધી વીજ પુરવઠો ખોરવાતા નગરજનોને મુશ્કેલી વેઠવી પડી હતી. દ્વારકા તાલુકામાં ૪ મી.મી. અને કલ્યાણપુરમાં ૨ મી.મી. વરસાદ નોંધાયો હતો. મોસમ સરેરાશની વાત કરીએ તો જિલ્લામાં અત્યાર સુધીમાં કુલ ૧૩૮ મી.મી. (સાડા પાંચ ઈંચ) સરેરાશ વરસાદ નોંધાયો છે, જેમાં ભાણવડમાં સૌથી વધુ ૮ ઈંચ અને ખંભાળિયામાં ૬ ઈંચ વરસાદ થયો છે.

# ઓખામાં લહેરી માતાજી ના મંદિરે ત્રિદિવસીય પ્રાણપ્રતિષ્ઠા મહોત્સવની ભવ્ય ઉજવણી



**સમય સંદેશઃ દ્વારકા (હોથીભા સુમણિયા દ્વારા)**

દેવભૂમિ દ્વારકા જિલ્લાના ઓખા સ્થિત નવીનગરી વિસ્તારમાં આવેલ શ્રી લહેરી માતાજી ના મંદિરે ધારાસભ્ય શ્રી પબુભા વિરમભા માણેક દ્વારા ત્રિદિવસીય પ્રાણપ્રતિષ્ઠા મહોત્સવ ભવ્યાતિભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું આ ધાર્મિક મહોત્સવ દરમિયાન લહેરી માં. જગદંબા માં. શીતળા માતા અને ષેત્રપાલ દાદા સહિત ના વિવિધ સવેદેવોની મૂર્તિઓની વેદિક વિધિ સાથે પ્રાણપ્રતિષ્ઠા કરવામાં આવી હતી

આ પૂજા યક્ષના મુખ્ય યજમાન તરીકે શ્રી વિજયસિંહ માડણભા માણેક રહયા હતા તેમના શુભહસ્તે મંત્રોચ્ચાર વચ્ચે લહેરી માતાજી મંદિર ના તમામ દેવિદેવતાઓનુ વિધિવત સ્થાપના કરવામાં આવી હતી પ્રાણપ્રતિષ્ઠા મહોત્સવ દરમિયાન પધારેલા તમામ આમંત્રિત મહેમાનો ભક્તજનો ગ્રામજનો અને ઓખા વેપારી અગ્રણીઓ માટે ભવ્ય મહાપ્રસાદ નુ આયોજન પણ રાખવામાં આવ્યું હતું જેમાં મોટી સંખ્યામાં શ્રદ્ધાળુઓએ પ્રસાદ ગ્રહણ કરી ધન્યતા અનુભવી હતી આ સમગ્ર ધાર્મિક મહોત્સવ ને સફળ અને યાદગાર બનાવવા માટે. શ્રી લહેરી માતા ગ્રુપ. દ્વારા તનતોડ મહેનત અને જહેમત ઉઠાવવામાં આવી હતી.

# શિવરાજપુર બીચ પર ૧૪૨ લોકોનું સફાઇ અભિયાન




**સમય સંદેશઃ દ્વારકા**

આંતરરાષ્ટ્રીય દરિયાકાંઠા સફાઈ દિવસ નિમિત્તે શિવરાજપુરના પ્રખ્યાત બીચ પર સ્વચ્છતા અભિયાન યોજાયું હતું. દરિયા કિનારાને પ્લાસ્ટિકમુક્ત બનાવવા અને દરિયાઈ પર્યાવરણના સંરક્ષણ અંગે જનજાગૃતિ ફેલાવવાના હેતુથી યોજાયેલા આ અભિયાનમાં વિદ્યાર્થીઓથી લઈ સ્થાનિક ગ્રામજનો અને બીચ સ્ટાફ સહિત ૧૪૨ લોકોએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો.

શિવરાજપુર ગામની શાળાના ૮૦ વિદ્યાર્થીઓ, સુઝલોન એનર્જી ગ્રુપના ૨૦ સભ્યો, ૨૦ સ્થાનિક ગ્રામજનો તથા બ્લુ ફ્લેગ બીચના ૨૨ સ્ટાફ સભ્યો અભિયાનમાં જોડાયા હતા. સૌએ સાથે મળીને બીચના દરિયાકાંઠાના વિવિધ વિસ્તારોમાં સફાઈ કામગીરી હાથ ધરી પ્લાસ્ટિક સહિતનો કચરો એકત્ર કર્યો હતો. અભિયાન દરમિયાન દરિયાકાંઠાની સ્વચ્છતા જાળવવા ઉપરાંત પ્લાસ્ટિકનો ઉપયોગ ઘટાડવા અને દરિયાઈ જીવસૃષ્ટિનું જતન કરવા અંગે લોકોને જાગૃત કરવામાં આવ્યા હતા. ખાસ કરીને શાળાના વિદ્યાર્થીઓની ભાગીદારીથી સ્વચ્છતા અને પર્યાવરણ સંરક્ષણનો સંદેશ લોકો સુધી પહોંચાડવામાં આવ્યો હતો.


## સરકારમાન્ય બૉન્ડ રાઈટર

સરકારી સોગંદનામા, ભાડા કરાર,
વેંચાણ કરાર, દસ્તાવેજી રજિસ્ટ્રેશન,
કુલમુખત્યારનામા ગુજરાતી તથા અંગ્રેજીમાં.

નોટરીને લગતાં કામ માટે મળો

અભિજીત જયંતકુમાર દવે

મો.૮૪૬૦૪૫૯૫૨૦, ૮૮૬૬૮૮૧૯૯૯


# ખંભાળીયાનાં જુવાનગઢમાં કુવામાં પડેલ શિયાળનું સફળ રેસ્કયુ

**સમય સંદેશઃ ખંભાળિયા**

ખંભાળિયા તાલુકાના જુવાનગઢ ગામના વિસ્તારમાં આવેલા આશરે ૬૦ ફૂટ ઊંડા કૂવામાં એક શિયાળ અકસ્માતે ખાબકી ગયું હતું. કૂવો ઊંડો હોવાથી શિયાળ બહાર નીકળી શકે તેવી સ્થિતિમાં ન હતું.

સ્થાનિકોએ શિયાળને કૂવામાં ફસાયેલું જોતા તાત્કાલિક એનિમલ કેર ચેરિટેબલ ટ્રસ્ટનો સંપર્ક કર્યો હતો. જે અંગે જાણ થતાં એનિમલ કેર ચેરિટેબલ ટ્રસ્ટના સેવકો દેશુર ધમા, કુણાલ વાઘેલા, રવિ વકાતર અને સતીશ ભોગાયતા સહિતની ટીમ જરૂરી સાધનો સાથે ઘટનાસ્થળે પહોંચી હતી. ટીમે કૂવામાં તપાસ કરતાં શિયાળ ઉપરાંત એક સર્પ પણ જોવા મળ્યો હતો. જેના કારણે રેસ્ક્યુ કામગીરી વધુ સાવચેતીપૂર્વક હાથ



ધરવી પડી હતી.

રેસ્ક્યુ ટીમે પોતાની સલામતીની સાથે બંને વન્યજીવોને કોઈ ઈજા ન થાય તેની ખાસ કાળજી રાખી હતી. નેટની ઝાડી સહિતના સાધનોની મદદથી કૂવામાં ફસાયેલા શિયાળને સુરક્ષિત રીતે બહાર કાઢવામાં આવ્યો હતો. ત્યાર બાદ કૂવામાં રહેલા સર્પનું પણ સફળતાપૂર્વક રેસ્ક્યુ કરવામાં આવ્યું હતું.

# દ્વારકામાં નિંદામણ કાઢતા શ્રમિક યુવાનને વીજ કરંટ લાગતા મોત

**સમય સંદેશઃ દ્વારકા**

દ્વારકા તાલુકાના ટૂંપણી ગામે રહેતા વિજયભાઈ રામાભાઈ મકવાણા નામના ૨૬ વર્ષના યુવાન ગઈકાલે સોમવારે એક આસામીની વાડીએ ખડ (નિંદામણ) કાઢી રહ્યા હતા, તે દરમિયાન અહીં રહેલા વીજપોલ પાસેના અર્થીંગના વાયરને તેઓ અડકી જતા તેમને જોરદાર વીજ કરંટ લાગ્યો હતો.

તેથી તેમને ગંભીર હાલતમાં સારવાર અર્થે હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. જ્યાં ફરજ પરના તબીબોએ તેમને મૃત જાહેર કર્યા હતા. આ બનાવ અંગેની જાણ મૃતકના ભાઈ કિશનભાઈ રામાભાઈ મકવાણાએ દ્વારકા પોલીસને કરી છે.

શ્રમિક યુવાનનો આપઘાત

બિહાર રાજ્યના મૂળ રહીશ અને હાલ ખંભાળિયાના સંજયનગર ખાતેના હર્ષદપુર વિસ્તારમાં રહેતા શોભરાજભાઈ રતનભાઈ પાસવાન નામના યુવાને ગઈકાલે સોમવારે કોઈ અગમ્ય કારણોસર પોતાના હાથે રૂમમાં રહેલા લોખંડના પાઈપમાં દુપટ્ટો બાંધીને ગળાફાંસો ખાઈ લેતા તેમનો નિષ્પ્રાણ દેહ સાંપડ્યો હતો.


## નામ સુધારેલ છે

આથી જાહેર કરવામાં આવે છે કે મેં મારા નામમાં સુધારો કર્યો છે; હવે મારું નામ 'સિંહ સ્વયં પ્રકાશ'થી બદલીને 'સ્વયં પ્રકાશ' કર્યું છે, હવેથી હું આ નામે ઓળખાઈશ.

**સરનામું**

બંસીધારી સિંહ, પ્લોટ નં.૧૯(અ), ગાયત્રી મંદિર રોડ, એરફોર્સ સ્ટેશન ૧ રોડ પાસે, ડિગ્જામ વૂલન મિલ, ડિફેન્સ કોલોની જામનગર શહેર. પોસ્ટ ઓફિસ ખોડિયાર કોલોની, જિલ્લોઃ જામનગર, ગુજરાત - ૩૬૧૦૦૬.


## અનુસંધાન

### ડુપ્લીકેટ દારૂ

(પાના નં. ૪ થી આગળ)

આવતા અને તંત્રની કડક કાર્યવાહીના ડરથી આરોપીઓએ ડુપ્લીકેટ દારૂ બનાવવાનું કામ કામચલાઉ ધોરણે માંડી વાળ્યું હતું. પોલીસે આ સમગ્ર નેટવર્કને ઊંડાઈથી તપાસી મૂળ સુધી પહોંચવા કવાયત આદરી છે.

### યુપીઆઇ બંધ કર્યુ

(પાના નં. ૪ થી આગળ)

વર્તમાન સ્થિતિ ''આમદાની અઠ્ઠાની, ખર્ચા રૂપૈયા'' જેવી થઈ ગઈ છે. નફા કરતાં ટેક્સની રકમ વધી જતી હોવાથી, વેપારીઓ પાસે ૧૫ ઓક્ટોબરથી ગ્રડ્ઈ પેમેન્ટ સંપૂર્ણપણે બંધ કરી માત્ર રોકડેથી જ ધંધો કરવા સિવાય અન્ય કોઈ વિકલ્પ બચતો નથી.

### રાષ્ટ્રભક્તિની થીમ

(પાના નં. ૪ થી આગળ)

અને સરદાર રિવેરા વિસર્જન કુંડ ખાતે ૨૪ મળીને બંને સ્થળો પર કુલ ૮૨ ગણેશ મૂર્તિઓનું વિસર્જન થયું હતું. આ સાથે જ ગણેશોત્સવના આઠ દિવસ દરમિયાન ખંભાળિયા બાયપાસ કુંડમાં કુલ ૨,૭૬૬ તથા સરદાર રિવેરા કુંડમાં કુલ ૭૮૦ મૂર્તિઓ પધરાવવામાં આવી છે. આમ, બંને કુંડ ખાતે મળીને આઠ દિવસમાં કુલ ૩,૫૪૬ ગણેશ પ્રતિમાઓનું વિસર્જન સંપન્ન થયું છે.

ગણેશ ભક્તોએ 'ગણપતિ બાપા મોરિયા, અગલે બરસ તૂ જલ્દી આ' ના નારાઓ સાથે પોતાના આરાધ્ય દેવને ભાવુક હૃદયે વિદાય આપી હતી. વિસર્જન સ્થળો પર શ્રદ્ધાળુઓ દ્વારા કરવામાં આવેલા જયઘોષથી બંને વિસર્જન કુંડ પરિસર પૂર્ણપણે ભક્તિમય અને ગણેશમય બની ગયા હતા. તંત્ર દ્વારા વિસર્જન કુંડ ખાતે તમામ જરૂરી સુવિધાઓ અને સુરક્ષા બંદોબસ્ત સુનિશ્ચિત કરવામાં આવ્યો હતો.

### હડતાળ અવિરત

(પાના નં. ૪ થી આગળ)

૫ (ગ્રેડ પે-૨૮૦૦ એટલે કે રૂ. ૨૯,૨૦૦-૯૨,૩૦૦) કરવામાં આવે. રાજ્યભરના લેન્ડ રેકોર્ડઝ વિભાગના વર્ગ-૩ કર્મચારીઓ પોતાના હકની આ માંગણીઓ વહેલી તકે સંતોષવામાં આવે તેવી આશા રાખી રહ્યા છે, જ્યારે કામગીરી ઠપ્પ થવાથી સામાન્ય અરજદારોને ભારે મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો છે.

### નવા નીર

(પાના નં. ૩ થી આગળ)

જિલ્લાના સસોઈ, વિજરખી, ફોફળ-૨, ઉંડ-૧-૨-૩, આજી-૪, રંગમતિ, કંકાવટી, સસોઈ-૨, ડેમમાં પાણી નો નહિવત જથ્થો છે. સૌથી વધુ જામનગર જિલ્લાના અનેક જળાશય ખાલીખમ છેજામનગર જિલ્લાના સસોઈમાં ૦.૨૬ ફૂટ, વિજરખીમાં ૦.૪૯ ફૂટ, ઉંડ-૧માં ૦.૩૦ ફૂટ અને રૂપારેલમાં ૦.૨૦ ફૂટ વધારો થયો છે.

### 'દાદાસાહેબ ફાળકે એવોર્ડ'

(પાના નં. ૧ થી આગળ)

અન્ય મુખ્ય શ્રેણીઓમાં રણદીપ હુડ્ડાને 'સ્વતંત્ર વીર સાવરકર' માટે શ્રેષ્ઠ ડેબ્યુ ડિરેક્ટરનો એવોર્ડ, રાજકુમાર પેરિયાસામીને 'અમરન' માટે શ્રેષ્ઠ દિગ્દર્શનનો એવોર્ડ તથા તેલુગુ ફિલ્મ 'કલ્કી ૨૮૯૮ એડી'ને શ્રેષ્ઠ લોકપ્રિય ફિલ્મનો એવોર્ડ એનાયત કરાયો હતો. ઉલ્લેખનીય છે કે, વર્ષ ૧૯૫૪માં માત્ર ૭ એવોર્ડથી શરૂ થયેલી આ સફર આજે ૭૨ વર્ષ બાદ ૪૫ વિવિધ શ્રેણીઓના એવોર્ડ સુધી પહોંચી છે. રાષ્ટ્રીય એવોર્ડ વિજેતા કલાકારોની હાજરીથી એકતાનગર ખાતે બોલિવૂડ અને સાઉથના કલાકારોનો અનોખો સંગમ જોવા મળ્યો હતો.

### ૬૦ હજારની ચોરી

(પાના નં. ૩ થી આગળ)

ચાંદીની એક લક્કી અને રૂા.૫,૦૦૦ ની રોકડ મળી કુલ રૂા. ૬૦ હજારની મત્તાની ચોરી કરી નાશી ગયો હતો. પોલીસે પ્રાગજીભાઇની ફરિયાદના આધારે અજાણ્યા તસ્કર સામે બીએનએસની કલમ ૩૩૧(૩), ૩૦૫ મુજબ ગુન્હો નોંધી તેને ઝડપી લેવા તપાસ હાથ ધરી છે.

### વ્યારા ખાતે મુખ્યમંત્રી

(પાના નં. ૧ થી આગળ)

ક્રિટિકલ કેર બેડ તથા દૈનિક ૧૨૦૦ દર્દીઓની ક્ષમતા ધરાવતી ૧૭ ક્લિનિકલ સ્પેશિયાલિટીઝ માટે ૨૪ સજ્જ OPD રૂમ ઉપલબ્ધ કરાવાયા છે. આ ઉપરાંત આધુનિક ઘઝ, ૮ બેડનું ડાયાલિસિસ યુનિટ, પેથોલોજી લેબ અને બ્લડ સ્ટોરેજ સેન્ટર જેવી સુવિધાઓથી તેને સજ્જ કરવામાં આવી છે. આ તકે ટોરેન્ટ ગ્રુપના ડિરેક્ટર જીનલ મહેતાએ જણાવ્યું હતું કે, આ પહેલ વ્યારા અને આસપાસના વિસ્તારો માટે હેલ્થકેર ક્ષેત્રે એક નવો અધ્યાય છે, જેનાથી સ્થાનિક લોકોને આધુનિક સારવાર સાથે સસ્તું અને ગુણવત્તાસભર મેડિકલ શિક્ષણ મળશે.

### જનતાને અપીલ

(પાના નં. ૧ થી આગળ)

દૈનિક ૧૦થી ૧૨ MCFT પાણી મળી રહ્યું છે, જેથી પાણી પુરવઠા અંગે હાલ ચિંતાની કોઈ સ્થિતિ નથી. તેમ છતાં જળ સંપત્તિનો બગાડ ટાળવો અત્યંત જરૂરી છે.

આ ઉપરાંત શહેરમાં ૧૭ સપ્ટેમ્બરથી ૨ ઓક્ટોબર દરમિયાન 'સ્વચ્છતા હી સેવા' અભિયાન અંતર્ગત વિશેષ સફાઈ ઝુંબેશ ચલાવવામાં આવી રહી છે. મનપા કમિશનરે નાગરિકો તથા વેપારીઓને કચરો માત્ર કચરા વાહનમાં જ આપવા અને સિંગલ યુઝ પ્લાસ્ટિકનો ઉપયોગ બંધ કરવા અનુરોધ કર્યો છે. ચાલુ નાણાકીય વર્ષનું પ્રથમ અર્ધવાર્ષિક સત્ર પૂર્ણ થવા આવ્યું હોવાથી મનપાના વિવિધ વિકાસકાર્યોને વેગ આપવા તમામ કરદાતાઓને બાકી મિલકત વેરો વહેલી તકે ભરપાઈ કરવા જણાવાયું છે.

શહેરીજનોના પ્રશ્નોનો સ્થળ પર જ ઉકેલ લાવવાના હેતુથી આગામી ૨૫ અને ૨૬ સપ્ટેમ્બરે મહાનગરપાલિકા વિસ્તારમાં વોર્ડ દીઠ 'સેવા સેતુ' કાર્યક્રમ યોજાશે, જેનો મહત્તમ લાભ લેવા નાગરિકોને અપીલ કરાઈ છે. આ સાથે આગામી મહિનામાં મનપા દ્વારા શહેરની મહિલાઓ અને દીકરીઓ માટે 'સ્વદેશી મેળા'નું ભવ્ય આયોજન પણ કરવામાં આવશે, જેમાં શહેરીજનોને બહોળી સંખ્યામાં ભાગ લેવા આમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

### ટ્રાઈનો નવો નિયમ

(પાના નં. ૧ થી આગળ)

પ્લાનમાંથી મુક્તિ મળશે. અત્યાર સુધી જો કોઈ ગ્રાહકને માત્ર ફોન પર વાતચીત કરવી હોય, તો પણ તેણે ડેટા બંડલ ધરાવતો મોંઘો પ્લાન જ ખરીદવો પડતો હતો. ટ્રાઈના નવા નિયમ મુજબ, જો કોઈ કંપની ૨૮ દિવસ કે અન્ય કોઈ સમયગાળા માટે કોલિંગ, SMS અને ડેટાવાળો પ્લાન વેચે છે, તો તેણે તે જ સમયગાળા માટે ડેટા વિનાનો વિકલ્પ પણ વ્યાજબી કિંમતે આપવો પડશે. આ ઉપરાંત વેલિડિટીને લઈને પણ મહત્વનો ફેરફાર કરાયો છે, જે મુજબ કંપનીઓએ એવા કોલિંગ પ્લાન લાવવા પડશે જે દર મહિને એક જ તારીખે રિન્યૂ થઈ શકે. આ વ્યવસ્થાથી ૨૮ દિવસના ટૂંકા રિચાર્જ સાયકલથી પરેશાન ગ્રાહકોને મોટો આર્થિક ફાયદો થશે.

### ૩ શિશુઓના મોત

(પાના નં. ૧ થી આગળ)

ઓક કોલેજમાં બીએસસીના પ્રથમ વર્ષમાં અભ્યાસ કરતી ૧૯ વર્ષીય વિદ્યાર્થીની પ્રેરણા નિનામા પોતાના ઘરેથી કોલેજ તરફ રસ્તાની સાઈડમાં શાંતિથી ચાલીને જઈ રહી હતી. તે વેળાએ પાછળથી પૂરપાટ ઝડપે આવી રહેલા ક્રેન ચાલકે તેને જોરદાર ટક્કર મારી તેના પર ક્રેન ચડાવી દીધી હતી. આ ગંભીર અકસ્માતમાં ગંભીર ઈજાઓ થવાના કારણે પ્રેરણાનું સ્થળ પર જ કરૂણ મોત નીપજ્યું હતું.

બનાવની જાણ થતાં જ મૃતક યુવતીના પરિજનો ઘટનાસ્થળે દોડી આવ્યા હતા. પોલીસે યુવતીના મૃતદેહને પોસ્ટમોર્ટમ અર્થે સોલા સિવિલ હોસ્પિટલ ખાતે ખસેડ્યો હતો. અકસ્માત સર્જીને નાસી છૂટેલા ક્રેન ચાલકની પોલીસે સીસીટીવી ફૂટેજના આધારે ઓળખ કરી તેની અટકાયત કરી લીધી છે. હાલ પોલીસ દ્વારા આ ક્રેન કોની માલિકીની હતી અને ક્યાં જઈ રહી હતી તે દિશામાં વધુ તપાસ હાથ ધરવામાં આવી છે.

# સાંસદના જન્મદિને આયોજનઃ જામનગરમાં આજે સેવા સંકલ્પ અભિયાન અંતર્ગત સર્વરોગ નિદાન કેમ્પ- રક્તદાન યજ્ઞ

સ્વસ્થ ભારતના પ્રણેતા વડાપ્રધાન નરેન્દ્રભાઇ મોદીના જન્મદિવસ નિમિતે ઉજવાતા સેવા સંકલ્પ અભિયાન અંતર્ગત તેમજ જામનગર-દેવભૂમિ દ્વારકા લોકસભા વિસ્તારના સાંસદ પૂનમબેન માડમના જન્મદિવસની ઉજવણી અવસરે નિશુલ્ક સર્વરોગ નિદાન મેગા કેમ્પ અને રકતદાન શિબિરનું અનન્ય આયોજન કરવામાં આવ્યું છે.

આજ તા. ૨૩-૯-૨૦૨૬ ના રોજ જામનગરના ઓશવાળ સેન્ટર ખાતે નિદાન સારવાર અને તમામ દવાઓ વિનામુલ્યે પુરી પાડવાના આ સેવાયજ્ઞનો જામનગર જિલ્લા અને દેવભૂમિ દ્વારકા જિલ્લા ઉપરાંત શહેર ના નાગરીકોએ બહોળી સંખ્યામા લાભ લેવા અનુરોધ કરવામાં આવ્યો છે.

આ કેમ્પ એક આશીર્વાદ સમાન બની રહેશે. આ કેમ્પમાં જનરલ ફિઝીશીયન, કાન- નાક- ગળાના નિષ્ણાંત, આંખ, ચામડી, હાડકા, બાળરોગ, સ્ત્રીરોગ, મગજ અને જ્ઞાનતંતુ, જનરલ રોગો ના નિષ્ણાત અને સર્જન જેવા વિવિધ વિભાગોમાં ૫૦-જેટલા નિષ્ણાંત ડોક્ટરઓ દ્વારા દર્દીઓનું નિદાન કરી, નિઃશુલ્ક જરૂરી દવાઓ આપવામાં આવશે. આ સાથે રકતદાન શિબિરમાં જામનગર-દેવભૂમિ દ્વારકા જિલ્લાના સેવા ભાવિ નાગરિકો, યુવાનો, મહિલાઓ રકતદાન માટે આગળ આવી રક્તદાન કરવા માટે અપીલ કરવામાં આવી છે.

આ આયોજન હેમતભાઇ રામભાઇ માડમ મેમોરિયલ ટ્રસ્ટ અને શિવાની ફાઉન્ડેશનના નેજા હેઠળ કરવામાં આવ્યું છે.


## નામ બદલાવેલ છે

આથી હું નસીમ હાસમ કાસમાણી મારું નામ નસીમબાનુ હાસમભાઈ તમાકુવાલામાંથી બદલીને નસીમ હાસમ કાસમાણી રાખું છું અને હવેથી હું નસીમ હાસમ કાસમાણી પ્રમાણે ઓળખાઈશ.

એડ્રેસઃ પ્લોટ નંબર ૯૪, નેશનલ પાર્ક, શાહ પેટ્રોલ પમ્પ પાછળ, જામનગર

## નામ બદલાવેલ છે

આથી હું કાસમાણી તુફેલ હાસમ મારું નામ કાસમાણી મોહમદતુફેલ હાસમભાઈ બદલીને કાસમાણી તુફેલ હાસમ રાખું છું અને હવે થી હું કાસમાણી તુફેલ હાસમ પ્રમાણે ઓળખાઈશ.

એડ્રેસઃ પ્લોટ નંબર ૯૪, નેશનલ પાર્ક, શાહ પેટ્રોલ પમ્પ પાછળ, જામનગર

## નામ બદલાવેલ છે

આથી હું કાસમાણી હાસમભાઈ મારું નામ હાસમભાઈ હાજી અબ્દુલસતાર તમાકુવાલા બદલીને કાસમાણી હાસમભાઈ રાખું છું અને હવે થી હું કાસમાણી હાસમભાઈ પ્રમાણે ઓળખાઈશ.

એડ્રેસઃ પ્લોટ નંબર ૯૪, નેશનલ પાર્ક, શાહ પેટ્રોલ પમ્પ પાછળ, જામનગર

## તપસ્વીઓ અને બાળકોનું બહુમાન, શોભાયાત્રા તથા ચૈત્ય પરિપાટી યોજાઈ

# જામનગરમાં જૈન સમાજ દ્વારા પર્યુષણ પર્વની ભવ્ય ઉજવણી

### કે.ડી. શેઠ ઉપાશ્રયે ૪૨ બાળકો અને ૨૨ તપસ્વીઓનો સન્માન સમારોહ, ચાંદીબજારથી ભવ્ય પારણા શોભાયાત્રા તેમજ પટેલ કોલોનીથી ચૈત્ય પરિપાટી નિકળી







તસવીરઃ હિરેન ગાંધી

**સમય સંદેશઃ જામનગર**

જામનગરમાં જૈન સમાજ દ્વારા પર્યુષણ પર્વ નિમિત્તે વિવિધ ધાર્મિક અને આરાધનાત્મક કાર્યક્રમોનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. કે.ડી. શેઠ ઉપાશ્રય ખાતે ગોંડલ સંપ્રદાયના જશ ઝવેર કેન્દ્ર પ્રભાવ ગુરુણીના સુશિષ્ય પરમ પૂજ્ય મધુર વ્યાખ્યાની ક્રિષ્ણાબાઈ સ્વામીના સુશિષ્ય પરમ પૂજ્ય માલતીબાઈ સ્વામી તથા પરમ પૂજ્ય સુધાબાઈ સ્વામી આદિ ઠાણાની નિશ્રામાં બાળ સંવાદ કાર્યક્રમ યોજાયો હતો. જેમાં ૪૨ બાળકોએ સંવાદ રજૂ કરી સુંદર સંદેશ આપ્યો હતો. આ બાળકોનું કે.ડી. શેઠ ઉપાશ્રય સંઘ અને દાતાઓ તરફથી બેડશીટ તથા કવર આપી સન્માન કરાયું હતું. આ ઉપરાંત પવિત્ર પર્યુષણ પર્વ દરમિયાન અઠ્ઠાઈ, ૯, ૮ અને ૬ ઉપવાસ કરનાર ૨૨ જેટલા તપસ્વીઓનું સન્માન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે રાજ્યકક્ષાના શિક્ષણમંત્રી રિવાબા જાડેજાએ તપસ્વીઓની શાતા પૂછી બાળકોને શુભેચ્છા પાઠવી હતી. કાર્યક્રમમાં શહેર ભાજપ પ્રમુખ બીનાબેન કોઠારી, ડેપ્યુટી મેયર રાકેશભાઈ ડેર, સ્ટેન્ડિંગ કમિટી ચેરમેન ધીરેનભાઈ મોનાણી અને શાસક જૂથના નેતા અમરભાઈ મોદીનું ઉપાશ્રય વતી સન્માન કરાયા બાદ પદાધિકારીઓ અને જૈન અગ્રણીઓ દ્વારા તપસ્વીઓનું બહુમાન કરાયું હતું.

બીજી તરફ, સ્થાનકવાસી જૈન સંઘ ચાંદીબજાર દ્વારા જામનગરના વિવિધ ઉપાશ્રયોમાં બિરાજમાન સંત-સતીજીઓના આશીર્વાદથી તપશ્ચર્યા કરનાર ૮૦ જેટલા તપસ્વીઓના પારણા તથા ભવ્ય શોભાયાત્રાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ શોભાયાત્રા (પ્રોસેસન)નો લાભ જયસુખલાલ મનસુખલાલ વાલજીભાઈ શાહ પરિવાર હસ્તે હેમલતાબેને લીધો હતો. આ પ્રોસેસન ચાંદીબજારથી પ્રારંભ થઈ બરધઈ ચોક, હવાઈ ચોક, બેડીગેટ અને પાર્શ્વધામ થઈ લોહાણા મહાજન વાડી ખાતે પૂર્ણ થયું હતું, જ્યાં તપસ્વીઓના પારણા કરાવવામાં આવ્યા હતા. આ વ્યવસ્થા સ્થાનકવાસી જૈન યુવક મંડળ, હાલાર વિશા શ્રીમાળી યુવક મંડળ તથા સેવાદળોએ સંભાળી હતી. આ પ્રસંગે મેયર મોનિકાબેન વ્યાસ, મયુરભાઈ શાહ, સંઘ ટ્રસ્ટી દીપકભાઈ શાહ, રાજુભાઈ શાહ, અજયભાઈ શેઠ, વિજયભાઈ શેઠ, ભરતભાઈ પટેલ અને જવાહરભાઈ મહેતા સહિતના અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા.

આ ઉપરાંત જૈન શાસનના પંચ કર્તવ્યોના ભાગરૂપે પટેલ કોલોની સ્થિત શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક તપાકગચ્છ ટ્રસ્ટ સંચાલિત શંખેશ્વર પાર્શ્વનાથ જીનાલયથી ભવ્ય ચૈત્ય પરિપાટી યોજાઈ હતી. સવારે સમૂહ ચૈત્યવંદન બાદ ચાતુર્માસ બિરાજમાન મુનિરાજ શ્રી દિવ્યપદ્મવિજયજી મ.સા., મુનિરાજ શ્રી દેવર્ષિવલ્લભવિજયજી મ.સા. તથા સાધ્વીજી શ્રી હર્ષગુણાશ્રીજી મ.સા. આદિ ઠાણાની નિશ્રામાં શ્રદ્ધાળુઓ બેન્ડ-શરણાઈના સૂર સાથે વાજતે-ગાજતે પેલેસ જીનાલય પહોંચ્યા હતા. જ્યાં પેલેસ ઉપાસક દર્શન સંઘના ટ્રસ્ટીઓ અને શ્રદ્ધાળુઓએ સામૈયું કરી ભવ્ય સ્વાગત કર્યું હતું. ત્યારબાદ મૂળનાયક શ્રી મહાવીર સ્વામી ભગવાનની પૂજા અને સમૂહ ચૈત્યવંદન યોજાયા હતા તથા મહારાજ સાહેબના માંગલિક વ્યાખ્યાનનો મોટી સંખ્યામાં જૈન ભાઈ-બહેનોએ લાભ લઈ ધન્યતા અનુભવી હતી.

## રેલ સંરક્ષા ક્ષેત્રે ઉત્કૃષ્ટ કામગીરી બદલ હાપાના ત્રણ કર્મચારીઓનું સન્માન




**સમય સંદેશઃ જામનગર**

પશ્ચિમ રેલવેના રાજકોટ ડિવિઝનમાં રેલ સુરક્ષા ક્ષેત્રે ઉત્કૃષ્ટ અને સજાગ કામગીરી કરનાર ઓપરેટિંગ તથા વિદ્યુત (ટ્રેક્શન) વિભાગના ૬ રેલવેકર્મીઓને ડિવિઝનલ રેલવે મેનેજર (ડીઆરએમ) ગિરિરાજ કુમાર મીના દ્વારા ડીઆરએમ કચેરીના કોન્ફરન્સ રૂમ ખાતે પ્રશસ્તિ પત્ર આપી સન્માનિત કરવામાં આવ્યા હતા. સિનિયર ડીસીએમ સુનિલ કુમાર મીનાના જણાવ્યા અનુસાર, સન્માનિત થનાર કર્મચારીઓમાં અમન કુમાર (સુરેન્દ્રનગર), હિમસાગર સતસિયા (રાજકોટ), તેમજ હાપા મથકના સીતારામ જી ઘસવા, ગોપાલ સિંહ પરમાર, સંદીપ રાજપૂત અને રવિશ ચંદ્રનો સમાવેશ થાય છે. આ કર્મચારીઓએ એપ્રિલથી જૂન ૨૦૨૬ દરમિયાન પોતાની ફરજ દરમિયાન અસાધારણ તકેદારી દાખવી સંભવિત હોનારતો નિવારી હતી.

પોતાની ફરજ દરમિયાન આ કર્મચારીઓએ વેગનના લટકતા ભાગો, ટેન્ક વેગનની સપોર્ટિંગ આઈ-બીમનું તૂટેલું વેલ્ડિંગ, નકલ પિનની ખામી જેવી ટેકનિકલ ત્રુટિઓ સમયસર પકડી પાડી હતી તેમજ ટ્રેક નજીકની આગ અંગે ત્વરિત જાણ કરી મોટી દુર્ઘટનાઓ અટકાવી હતી. ડીઆરએમ ગિરિરાજ કુમાર મીનાએ તમામ કર્મચારીઓની કર્તવ્યનિષ્ઠાને બિરદાવતા જણાવ્યું હતું કે, તેમની આ ત્વરિત નિર્ણયક્ષમતા અને જાગરૂકતા સમગ્ર ડિવિઝન માટે પ્રેરણારૂપ છે. આ પ્રસંગે એડીઆરએમ બ્રિજેશ કુમાર સિંહ, સિનિયર ડીએસઓ સી.આર. ગરુડા સહિત અન્ય ઉચ્ચ અધિકારીઓ ખાસ ઉપસ્થિત રહ્યા હતા.

## હિંગળાજ પદયાત્રી સંઘ દ્વારા માતાના મઢની પદયાત્રાનું આયોજન



**સમય સંદેશઃ જામનગર**

જામનગરથી કચ્છ સ્થિત શક્તિપીઠ સમી માતાના મઢ દર્શનાર્થે જય હિંગળાજ પદયાત્રી સંઘ દ્વારા વાર્ષિક પદયાત્રાનું વિશેષ આયોજન કરવામાં આવ્યું છે. આગામી ૧ ઓક્ટોબરથી પ્રારંભ થનારી આ ભવ્ય પદયાત્રા સતત ૧૧ દિવસના પ્રવાસ બાદ ૧૧ ઓક્ટોબરના રોજ માતાના મઢ ખાતે પહોંચશે. પદયાત્રાના સમગ્ર રૂટ દરમિયાન માર્ગમાં પદયાત્રીઓ માટે વિવિધ સ્થળોએ રાત્રિ રોકાણ, વિશ્રામ તેમજ ભોજન અને પીવાના પાણીની સુવિધાજનક વ્યવસ્થા સંઘ દ્વારા કરવામાં આવી છે.

પ્રથમ દિવસે ૧ ઓક્ટોબરના રોજ જામનગરથી પદયાત્રાનો પ્રારંભ થઈ ધ્રોલ તરફ પ્રયાણ કરશે અને પ્રથમ રાત્રિ રોકાણ ધ્રોલ પાટિયા ખાતે રહેશે. ત્યારબાદ પદયાત્રા આગળ વધતા ૬ ઓક્ટોબરે બપોરે આલપુરા મંદિર પહોંચશે અને રાત્રિ રોકાણ કાગબવર માતાજીના મંદિરે કરશે. ૭ ઓક્ટોબરે દુધઈ ખાતે દર્શન કરીને આગળ વધી નિર્ધારિત સ્થળે રોકાણ કરશે, જ્યારે ૮ ઓક્ટોબરે માધાપર અને ૯ ઓક્ટોબરે હરે દાદાની વાડી સહિતના સ્થળોએ પદયાત્રીઓના રોકાણની વ્યવસ્થા ગોઠવવામાં આવી છે.

પદયાત્રાના અંતિમ તબક્કામાં ૧૦ ઓક્ટોબરના રોજ સંઘ પરબતસર ખાતે રાત્રિ રોકાણ કરશે. ત્યારબાદ આખરી દિવસે ૧૧ ઓક્ટોબરના રોજ પદયાત્રીઓ માતાના મઢ તરફ પ્રયાણ કરશે અને માર્ગમાં નક્કી કરેલા કેમ્પ ખાતે અલ્પવિશ્રામ કર્યા બાદ મા આશાપુરાના ધામ માતાના મઢ પહોંચશે. જ્યાં પદયાત્રીઓ મા જગદંબાના દર્શન અને પૂજા-અર્ચના કરી ધન્યતા અનુભવશે, આ સાથે જ ૧૧ દિવસીય આ પદયાત્રાનું ભવ્ય સમાપન થશે.

## શિક્ષણ સમિતિના ૧૨ સભ્ય માટે ૧૨૫ જેટલા દાવેદારો થતા ભારે ખેંચતાણ

**સમય સંદેશઃ જામનગર**

જામનગર મહાનગરપાલિકા હસ્તકની નગર પ્રાથમિક શિક્ષણ સમિતિના તમામ સભ્યોની મુદત પૂર્ણ થયાના છ મહિના બાદ આગામી ૯ ઓક્ટોબરના રોજ ૧૨ સભ્યોની ચૂંટણી યોજાવા જઈ રહી છે. ચૂંટણી પ્રક્રિયા અંતર્ગત ગઈકાલે (૨૨ સપ્ટેમ્બર) ઉમેદવારી ફોર્મ વિતરણનો છેલ્લો દિવસ પૂર્ણ થયો હતો. મનપામાં છેલ્લા ૨૦ વર્ષથી ભાજપનું એકહથ્થુ શાસન હોવાથી દર વખતે આ ચૂંટણી માત્ર વરણી સમાન રહીને બિનહરીફ બનતી આવી છે. આ વખતે પણ સભ્યપદ મેળવવા માટે ૧૨૫થી વધુ દાવેદારોએ દાવેદારી નોંધાવી છે, પરંતુ પક્ષ જે ઉમેદવારોની પસંદગી કરશે તેઓ જ આખરી દાવેદાર રહેશે.

ચૂંટણી અધિકારી તરીકે મેયર મોનિકાબેન વ્યાસ દ્વારા જાહેર કરાયેલા કાર્યક્રમ મુજબ, વિતરણ કરાયેલા ફોર્મ અને નિયુક્તિ પત્રો આજે (૨૩ સપ્ટેમ્બર-૨૦૨૬) સવારે ૧૧:૦૦ થી બપોરે ૩:૦૦ વાગ્યા દરમિયાન મેયર કાર્યાલય ખાતે સ્વીકારવામાં આવશે. ત્યારબાદ આગામી ૨૫ સપ્ટેમ્બરે સવારે ૧૧:૦૦ વાગ્યે ઉમેદવારી પત્રોની ચકાસણી હાથ ધરાશે અને એ જ દિવસે બપોરે ૩:૩૦ વાગ્યે માન્ય ઉમેદવારોની યાદી પ્રસિદ્ધ કરવામાં આવશે. ઉમેદવારી પત્ર પાછું ખેંચવા માટે ૨ ઓક્ટોબરના રોજ સવારે ૧૧:૦૦ થી બપોરે ૨:૦૦ વાગ્યા સુધીનો સમય નિયત કરાયો છે.

નિયત કાર્યક્રમ અનુસાર, નગર પ્રાથમિક શિક્ષણ સમિતિની આ ચૂંટણી ૯ ઓક્ટોબરે કોર્પોરેશનના જનરલ બોર્ડ હોલ ખાતે સવારે ૧૧:૩૦ થી બપોરે ૩:૩૦ વાગ્યા દરમિયાન યોજાશે, જેમાં જરૂર જણાયે કોર્પોરેટરો મતદાન કરશે. મતદાન પ્રક્રિયા પૂર્ણ થયા બાદ તુરંત જ તે જ સ્થળે મતગણતરી હાથ ધરી પરિણામ જાહેર કરવામાં આવશે. ઉલ્લેખનીય છે કે, શિક્ષણ સમિતિના કુલ ૧૫ સભ્યોના સંખ્યાબળમાં ૧૨ ચૂંટાયેલા સભ્યો, ૨ સંસ્થાગત પ્રતિનિધિઓ અને ૧ સરકારી પ્રતિનિધિનો સમાવેશ થાય છે.

## જામનગર જિલ્લાના ૧૪ ડેમમાં નવા નીર આવતાં આનંદનો માહોલ



**સમય સંદેશઃ જામનગર**

ચોમાસુ વિદાયની અણી ઉપર છે ત્યારે ભાદરવો મહિનો ખેડુતો માટે તારણહાર બન્યો છે. ભાદરવા મહિનાના પ્રારંભથી જામનગર મેઘરાજાની એન્ટ્રીથી ઉભા પાકને ફાયદો થયો છે પરંતુ ડેમ હજુ ખાલી ભાસી રહ્યા છે. સૌરાષ્ટ્રમાં પડેલા પાંચ ઈંચ સુધીના વરસાદના કારણે ૧૪ ડેમમાંથી ધીમીધારે સાડા ત્રણ ફુટ સુધી નવા પાણીની થઈ છે. જામનગર જિલ્લાના ડેમમાંથી ચોમાસામાં માત્ર ત્રણ ડેમ જ છલકાયા છે. જ્યારે હજુ અડધો ડઝન ડેમ ખાલી પડયા છે તેમાં જામનગર જિલ્લાના કુલ ત્રણ જળાશય છલકાયા છે જેમાં ફુલઝર-૨, વાડીસંગ, રૂપાવટી ડેમનો સમાવેશ થાય છે. જામનગર

અનુ પાના નં.૨ પર

## જામનગર એરપોર્ટના નવા ડાયરેક્ટર તરીકે અનિલ શિંદેની નિમણૂકઃડી. કે. સિંઘની રાજકોટ એરપોર્ટ ખાતે બદલી, કોલ્હાપુરથી આવ્યા શિંદે





**સમય સંદેશઃ જામનગર**

જામનગર એરપોર્ટના વહીવટી માળખામાં મહત્વના ફેરબદલ કરવામાં આવ્યા છે. એરપોર્ટ ઓથોરિટી દ્વારા હાથ ધરવામાં આવેલી આંતરિક બદલી પ્રક્રિયા હેઠળ જામનગર એરપોર્ટના ડાયરેક્ટર ડી. કે. સિંઘની રાજકોટ એરપોર્ટ ખાતે બદલી કરવામાં આવી છે. તેમની જગ્યાએ જામનગર એરપોર્ટના નવા ડાયરેક્ટર તરીકે અનિલ શિંદેની જવાબદારી સોંપવામાં આવી છે. નવા નિમાયેલા ડાયરેક્ટર અનિલ શિંદે આ અગાઉ મહારાષ્ટ્રના કોલ્હાપુર એરપોર્ટ ખાતે ડાયરેક્ટર તરીકે સફળતાપૂર્વક ફરજ બજાવી ચૂક્યા છે, જેઓ હવે જામનગર એરપોર્ટનો પદભાર સંભાળશે. જ્યારે જામનગરમાં કાર્યરત ડી. કે. સિંઘ આગામી દિવસોમાં રાજકોટ એરપોર્ટના નવા ડાયરેક્ટર તરીકેની કામગીરી હાથ ધરશે.

## જામનગર જિલ્લા પોલીસ દ્વારા યોજાયેલી મહત્વપૂર્ણ બેઠક



તસવીરઃ હિરેન ગાંધી

**સમય સંદેશઃ જામનગર**

જામનગર જિલ્લા પોલીસ વડા ડો. રવિ મોહન સૈનીની અધ્યક્ષતામાં મળી હતી. આ બેઠકમાં જિલ્લા પંચાયત પ્રમુખ રંજનબેન જીવવાની ઉપસ્થિત રહ્યા હતા આ આ બેઠકમાં જિલ્લા ખાતેની કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ અંગે વિવિધ મહત્વપૂર્ણ મુદ્દાઓ પર ચર્ચા-વિચારણા કરી હતી. જિલ્લામાં કાયદો અને વ્યવસ્થા વધુ સુદ્દઢ બને, નાગરિકોની સુરક્ષા જળવાઈ રહે તથા જનહિત અને વિકાસલક્ષી કાર્યોને વધુ ગતિ મળે, તે માટે પરસ્પર સંકલન અને સહકારથી સાથે મળીને કાર્ય કરવાની ભાવના વ્યક્ત કરી હતી.

## જામનગર પોલીસના ત્રણ કર્મચારીઓને એએસઆઈ તરીકે બઢતીઃ એલસીબી પીઆઈના હસ્તે પીપિંગ સેરેમની યોજાઈ



તસવીરઃ હિરેન ગાંધી

**સમય સંદેશઃ જામનગર**

જામનગર પોલીસ વિભાગમાં જુદી-જુદી બ્રાન્ચમાં ફરજ બજાવતા ત્રણ પોલીસ કર્મચારીઓને એએસઆઈ (આસિસ્ટન્ટ સબ ઈન્સ્પેક્ટર) તરીકે બઢતી મળતાં તેઓની પીપિંગ સેરેમની યોજાઈ હતી. આ પ્રસંગે એલસીબી પીઆઈ તથા ઈન્ચાર્જ એસઓજી પીઆઈ શ્રી વી.બી. ચૌધરીના હસ્તે એસઓજીના રમેશ સોમાભાઈ ચાવડા, એલસીબીના નિર્મળસિંહ જાડેજા અને એન્ટી નાર્કોટિક વિંગના મેહુલભાઈ ગઢવીને સ્ટાર એનાયત કરી મોંઘેરા સન્માન સાથે બઢતી આપવામાં આવી હતી. આ બહુમાન પ્રસંગે પીએસઆઈ ઝેર તેમજ પીએસઆઈ એમ.વી. ભાટીયા ઉપસ્થિત રહ્યા હતા અને બઢતી મેળવનાર ત્રણેય પોલીસ કર્મચારીઓને શુભેચ્છાઓ પાઠવી હતી.

## જામનગરમાં આજે ઈટ્રા દ્વારા રન ફોર આયુર્વેદ : જીવનશૈલી સુધારવા અપીલ



**સમય સંદેશઃ જામનગર**


વિશ્વપ્રસિદ્ધ આયુર્વેદ સંસ્થા ઈટ્રા જામનગર દ્વારા આયુર્વેદ દિવસની ઉજવણીના ભાગરૂપે આજે 'રન ફોર આયુર્વેદ'નું વિશેષ આયોજન કરવામાં આવ્યું છે. ડાયરેક્ટર પ્રો. ડો. તનુજા નેસરીના અધ્યક્ષસ્થાને યોજાનારી આ મેરાથોન સવારે ૬:૩૦ કલાકે ઈટ્રા કેમ્પસ ખાતેથી પ્રસ્થાન કરશે. આ દોડ કેમ્પસથી શરૂ થઈને વાલકેશ્વરી નગરી, સત્ય સાઈ સ્કૂલ, જોગર્સ પાર્ક, વિરલબાગ અને ડીકેવી સર્કલ જેવા શહેરના મુખ્ય માર્ગો પરથી પસાર થઈને ઐતિહાસિક ધન્વંતરી મંદિર ખાતે સંપન્ન થશે. વર્ષ ૨૦૨૬ માટે આયુર્વેદ દિવસની ''સ્વસ્થ આવતીકાલ માટે આયુર્વેદ'' ની થીમ નક્કી કરવામાં આવી છે. દેશ અને દુનિયાના નાગરિકો પોતાના રોજિંદા જીવનમાં આયુર્વેદિક જીવનશૈલીને સહજતાથી અપનાવે અને સ્વાસ્થ્ય પ્રત્યે જાગરૂક બને તેવા શુભ ઉદ્દેશ્ય સાથે આ આયોજન હાથ ધરવામાં આવ્યું છે. આ દોડમાં સંસ્થાના તબીબો, વિદ્યાર્થીઓ તેમજ જામનગરના નગરજનો મોટી સંખ્યામાં જોડાઈને આયુર્વેદના સંદેશને જન-જન સુધી પહોંચાડશે.

## બજરંગપુર ગામે ખેડૂતના ઘરમાંથી દાગીના સહિત ૬૦ હજારની ચોરી

**સમય સંદેશઃ જામનગર**

જામનગર તાલુકાના બજરંગપુર (વેરતિયા) ગામે રહેતાં પ્રાગજીભાઈ રામજીભાઈ સદાદીયા (ઉ.વ.૬૯) નામના વૃધ્ધ ખેડૂતે અજાણ્યા ચોર સામે ફરિયાદ નોંધાવી છે. ફરીયાદમાં જણાવાયા અનુસાર ગત તા.૪/૦૯/૨૦૨૬ ના રોજ આઠમનો તહેવાર હોય જેથી બપોર પછી આશરે સાડા ચારેક વાગ્યા આસપાસ પ્રાગજીભાઈ પોતાના ઘરે તાળું મારી ગામમાં આવેલ રામમંદિરે ગયા હતાં. આ સમયગાળા દરમિયાન કોઇ અજાણ્યો તસ્કર પ્રગાજીભાઇના મકાનમાં ઘુસ્યો અને તાળું તોડી ઘરમાં પ્રવેશ કરી રૂમની અંદર રાખેલ લોખંડની પેટીમાંથી રૂા.૫૦,૦૦૦ ની કિંમતની સોનાની બે નંગ કાનની બુટી, તથા રૂા.૫૦૦૦ ની કિંમતની

અનુ પાના નં.૨ પર



### અવસાન નોંધ

**રાજકોટઃ** રાજકોટ નિવાસી ભાનુમતીબેન ભીખાલાલ સોલંકી (ઉ.વ.૭૭) તે સ્વ. ભાવેશભાઈ ભીખાલાલ સોલંકી, સ્વ. પરાગભાઈ ભીખાલાલ સોલંકી તથા મીનાબેન જયેશકુમાર કુંવરિયાના માતા થાય તથા પાર્થ, પ્રિયા, માનસી તથા ઓમના દાદીમાનું તા.૨૧.૯.૨૦૨૬ને સોમવારના રોજ નિધન થયું છે.

# દૂધના નામે શું પીવડાવવામાં આવી રહ્યું છે? કાલાવડમાં ૬ નમૂના સબ-સ્ટાન્ડર્ડ, ૧૨ છાત્રાલયોની તપાસમાં ૭ને નોટિસ

**સમય સંદેશઃ જામનગર**
**(ભાર્ગવી યોગેશભાઈ વ્યાસ દ્વારા)**

જામનગર જિલ્લામાં દૂધની ગુણવત્તાને લઈને ચોંકાવનારી હકીકત સામે આવી છે. કાલાવડ તાલુકાના હરીપર મેવાસા ગામમાંથી ફૂડ વિભાગ દ્વારા લેવામાં આવેલા શંકાસ્પદ દૂધના તમામ ૬ નમૂનાઓ લેબોરેટરી તપાસમાં સબ-સ્ટાન્ડર્ડ જાહેર થયા છે. તપાસમાં દૂધના પાવડર ઉપરાંત ફોરેન ફેટ અને વનસ્પતિની હાજરી મળી હોવાનું વિભાગે જણાવ્યું છે. એટલે સવાલ માત્ર છ નમૂનાઓનો નથી, પરંતુ જે દૂધ લોકોના ઘરો સુધી પહોંચે છે તેની ગુણવત્તા અને ચકાસણી પર પણ ગંભીર પ્રશ્નો ઊભા થાય છે. FSSAIના ધોરણો મુજબ દૂધ અને દૂધજન્ય ઉત્પાદનો માટે નિર્ધારિત ગુણવત્તા ધોરણોનું પાલન જરૂરી છે.

ફૂડ વિભાગે રાજકોટ રેન્જની ટીમ સાથે કાર્યવાહી કરીને હરીપર મેવાસામાં અલગ-અલગ ૬ લોકો પાસેથી દૂધના નમૂના લીધા હતા. લેબોરેટરી રિપોર્ટ બાદ તમામ છ નમૂનાઓ સબ-સ્ટાન્ડર્ડ જાહેર થતાં સંબંધિત ૬ લોકો સામે ફૂડ સેફ્ટી એન્ડ સ્ટાન્ડર્ડ્સ એક્ટ, ૨૦૦૬ હેઠળ કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. પરંતુ વાત અહીં પૂરી થતી નથી. કારણ કે ફૂડ વિભાગ દ્વારા ૧૪ સપ્ટેમ્બરથી શરૂ કરાયેલી સ્પેશિયલ ડ્રાઇવમાં જામનગર જિલ્લાના વિવિધ ૧૨ છાત્રાલય અને હોસ્ટેલના રસોડાંની તપાસ કરવામાં આવી હતી. તપાસ દરમિયાન નિયમ મુજબ જરૂરી સુધારા કરાવવા ઉપરાંત ૭ સંચાલકોને લાઇસન્સ/રજિસ્ટ્રેશન સહિતની બાબતોને



તસવીરઃ હિરેન ગાંધી

લઈને નોટિસ આપવામાં આવી છે.

અહીં સૌથી મોટો સવાલ એ છે કે છાત્રાલયોમાં ભોજન લેનારા વિદ્યાર્થીઓની થાળીમાં ખરેખર કેટલી સુરક્ષા છે? જ્યાં મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ ભોજન કરતા હોય ત્યાં ખાદ્ય પદાર્થની ગુણવત્તા, રસોડાની સ્વચ્છતા અને જરૂરી લાઇસન્સ-રજિસ્ટ્રેશન જેવી બાબતોમાં બેદરકારી સામે આવે તો તેની સીધી અસર વિદ્યાર્થીઓના આરોગ્ય પર પડી શકે છે. તંત્રની કાર્યવાહી ચોક્કસપણે જરૂરી છે, પરંતુ સવાલ એ પણ છે કે ચેકિંગ થાય ત્યારે જ ખામીઓ કેમ સામે આવે છે? નિયમિત દેખરેખ ક્યાં છે? જો ૧૨માંથી ૭ સ્થળોને નોટિસ આપવાની જરૂર પડી હોય, તો આ તપાસ પહેલાં વ્યવસ્થાની ચકાસણી કેટલી અસરકારક રીતે થતી હતી તે અંગે પણ સવાલ ઊભો થાય છે.

દૂધ જેવી રોજિંદા વપરાશની વસ્તુમાં ભેળસેળ કે ગુણવત્તામાં ગેરરીતિનો મુદ્દો સામાન્ય બાબત નથી. FSSAI પણ ખાદ્ય વ્યવસાયોમાં સલામત અને ધોરણસરના ખોરાકની વ્યવસ્થા સુનિશ્ચિત કરવા માટે નિયમન અને દેખરેખની ભૂમિકા ભજવે છે. હવે તંત્ર દ્વારા કાર્યવાહી આગળ વધે છે કે માત્ર નોટિસ અને કેસ સુધી જ સીમિત રહે છે, તે જોવું મહત્વનું રહેશે. ખાસ કરીને દૂધ વેચતા વેપારીઓ, છાત્રાલયો, હોસ્ટેલ, કેન્ટીન અને ડ્રાફ્ના રસોડાંમાં નિયમિત તપાસ કેટલી થાય છે અને નિયમોનું ઉલ્લંઘન કરનારાઓ સામે કેટલી કડક કાર્યવાહી થાય છે તેનો જવાબદાર અમલ જ ગ્રાહકો અને વિદ્યાર્થીઓના હિતની સાચી સુરક્ષા બની શકે. કારણ કે સવાલ માત્ર દૂધનો નથી... સવાલ છે લોકોના વિશ્વાસનો. દૂધના નામે જો ગુણવત્તા સાથે ચેડાં થાય, તો જવાબદારી નક્કી કરવી અને આવી ગેરરીતિ ફરી ન થાય તે સુનિશ્ચિત કરવું તંત્ર માટે સૌથી મોટો પડકાર છે.

# ડુપ્લીકેટ દારૂ બનાવવાના કૌભાંડની તપાસ રાજય બહાર લંબાવાઈ

**સમય સંદેશઃ જામનગર**

જામનગરમાં કેમિકલયુક્ત ડુપ્લીકેટ ઈંગ્લિશ દારૂ બનાવવાનું કૌભાંડ શરૂ થાય તે પૂર્વે જ એલસીબી અને સ્થાનિક પોલીસે પર્દાફાશ કરીને બે પરપ્રાંતિય શખ્સોને ઝડપી લીધા હતા. કોર્ટ દ્વારા ૧૨ દિવસના રિમાન્ડ મંજૂર કરવામાં આવ્યા બાદ હાલ બંને આરોપીઓ પોલીસની સઘન કસ્ટડીમાં છે. આરોપીઓની પૂછપરછ દરમિયાન મળેલા મહત્વના સુરાગો અને આંતરરાજ્ય તાર જોડાયેલા હોવાની કડીઓના આધારે જામનગર પોલીસ દ્વારા બે વિશેષ ટીમોની રચના કરવામાં આવી છે, જે ટીમોને તપાસ અર્થે અન્ય રાજ્યોમાં મોકલવામાં આવી છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, શહેરના નવાગામ ઘેડની મધુવન સોસાયટીમાં એક રહેણાંક મકાનમાં દરોડો



તસવીરઃ હિરેન ગાંધી

પાડીને પોલીસે દારૂની ૯૬ ખાલી બોટલો, બ્રાન્ડેડ ઢાંકણા અને બોગસ સ્ટીકરો સહિતનો જથ્થો કબ્જે કર્યો હતો. આ પ્રકરણમાં પોલીસે સમન્દરસિંહ ખટાણા (રાજસ્થાન), વિષ્ણુ ગુર્જર (રાજસ્થાન) અને પરશુરામસિંહ કુશવાહા (હાપા, જામનગર) સામે ગુનો દાખલ કરી વિષ્ણુ ગુર્જર અને પરશુરામસિંહ (રીંકુસિંહ) ની ધરપકડ કરી હતી. રિમાન્ડ દરમિયાન પોલીસ એ દિશામાં પણ તપાસ ચલાવી રહી છે કે આ કૌભાંડમાં અન્ય કેટલા સ્થાનિક કે બહારના લોકોની સંડોવણી છે, જ્યારે ફરાર આરોપીને પકડી પાડવા ચક્રો ગતિમાન કરાયા છે.

પોલીસની પ્રાથમિક તપાસમાં વધુ એક ચોંકાવનારી વિગત સામે આવી છે કે, આરોપીઓએ નકલી દારૂ બનાવવાની તમામ સામગ્રી એકત્રિત કરી લીધી હતી અને પ્રોડક્શન શરૂ જ કરવાના હતા. પરંતુ એ જ સમયે ભાવનગરમાં ચકચારી લઠ્ઠાકાંડનો મુદ્દો સામે

અનુ પાના નં.૨ પર

# કેટલીક ચીજોના વેપારમાં નફો ૧૦ રૂપિયા અને ટેક્સ ૧૨ રૂપિયા હોવાથી વેપારીઓએ યુપીઆઇ બંધ કર્યુ

**સમય સંદેશઃ જામનગર**

કેન્દ્ર સરકાર દ્વારા આગાઉ કેશલેસ ઈકોનોમી અને ડિજિટલ પેમેન્ટને પ્રોત્સાહન આપ્યા બાદ, હવે આગામી ૧૫ ઓક્ટોબરથી દેશભરમાં UPI દ્વારા સ્વીકારાતા ૨૦૦૦થી વધુના ટ્રાન્ઝેક્શન પર ૦.૪% લેખે મરચન્ટ ડિસ્કાઉન્ટ રેટ (MDR) ટેક્સ લાગુ કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. સરકારના આ નિર્ણય સામે મોટા ભાગના વેપારીઓમાં ભારે અસંતોષ અને ઉગ્ર વિરોધ જોવા મળી રહ્યો છે. અગાઉ ઓનલાઈન ટ્રાન્ઝેક્શન તરફ વળેલા સામાન્ય નાગરિકો અને નાના વેપારીઓ આ નવા નિયમના કારણે પંદર ઓક્ટોબર પછી ફરીથી રોકડ વ્યવહારો તરફ વળે તેવી પૂરતી શક્યતાઓ સેવાઈ રહી છે.

નજીવા પ્રોફિટ માર્જિન પર વેપાર કરતા જથ્થાબંધ તથા રિટેલ વેપારીઓ માટે આ ટેક્સ આર્થિક રીતે કમરતોડ સાબિત થઈ રહ્યો છે. આ અંગે ગણતરી આપતા રિટેલ વેપારી મહામંડળના પ્રમુખ શશિકાંત મશરૂએ જણાવ્યું હતું કે, જથ્થાબંધ ખાંડના વેપારમાં ૫૦ કિલોના એક કટ્ટા (રૂ. ૨૫૦૦) પર વેપારીને માત્ર ૧૦ નફો મળતો હોય છે, જેની સામે UPI પર ૦.૪% લેખે ૧૦ ટેક્સ કપાઈ જાય. તેવી જ રીતે ૩૦૦૦ના સિંગતેલના ડબ્બા પર ૧૦ના નફા સામે ૧૨નો UPI ટેક્સ કપાય છે. FMCG સેક્ટરમાં પણ આવી જ સ્થિતિ હોવાથી વેપારીઓ માટે નાણાં સ્વીકારનારની સેવકાઈ કરવા જેવો ઘાટ સર્જાયો છે.

ગાંધી જયંતીના માસમાં જ સરકારના આ વલણ સામે સવાલ ઉઠાવતા શશિકાંત મશરૂએ ઉમેર્યું હતું કે, પૂજ્ય બાપુના 'પ્રજા પર કરવેરા જેટલા ઓછા, તેટલી પ્રજા વધારે સુખી' ના આદર્શ સામે

અનુ પાના નં.૨ પર

# જામનગરમાં પ્રદર્શન મેદાન પાસેના સરકારી આવાસ ભયજનક હાલતમાં









તસવીરઃ હિરેન ગાંધી

જામનગર માં પ્રદર્શન ગ્રાઉન્ડમાં આવેલી સરકારી વસાહતમાં અનેક જર્જરીત, ભયજનક સ્થિતિમાં લાંબા સમયથી અનેક ક્વારેટર ઊભા છે આ ક્વાર્ટરમાં કોઈ અકસ્માત સર્જાઈ અને તેમાં નિર્દોષ માનવીનો જીવ ગુમાય તે પહેલા આ જર્જરીત મકાનો દુર કરવાનું કામ માર્ગ અને મકાન વિભાગ હાથ ધરે તે જરૂરી છે . મકાનનો કે બિલ્ડીંગ ભયજેનક દર્શાવવાના બોર્ડ મારીને સંતોષ માનવાને બદલે આ ક્વાર્ટરો દૂર કરવા જોઈએ કારણ કે હાલ આ કવાટર ની અંદર તેની આસપાસની ઝુપડપટ્ટી નાના ભૂલકાઓ સહિતના લોકોની અવરજવર થતી હોય છે અને આ મકાન ક્યારેક જો તૂટી પડશે તો કોઈ જાનહાની થય તેવી સંભાવના રહેલી છે ત્યારે આવા ભયજનક જાહેર કરાયા છે તેને દૂર કરવામાં આવે તે ઈચ્છનીય છે.

# દગડુશેઠ ગણપતિ મહોત્સવમાં ઈકો-ફ્રેન્ડલી પ્રતિમા અને રાષ્ટ્રભક્તિની થીમ

## ૩૦મા વર્ષે ૮ ગિનીઝ રેકોર્ડ બનાવનાર ગ્રુપ દ્વારા ૧૪ થી ૨૫ સપ્ટેમ્બર દરમિયાન આયોજનઃ છોટીકાશીમાં આઠમાં દિવસે ગણેશની ૮૨ મૂર્તિઓનું વિસર્જન

**સમય સંદેશઃ જામનગર**

જામનગરમાં શ્રી દગડુશેઠ ગણપતિ સાર્વજનિક મહોત્સવ આ વર્ષે તેના ૩૦મા વર્ષમાં પ્રવેશ કરી રહ્યો છે, જે અંતર્ગત ૮ ગિનીઝ વર્લ્ડ રેકોર્ડ અને ૧૪ લિમ્કા બુક ઓફ વર્લ્ડ રેકોર્ડ ધરાવતા 'એઇટ વન્ડર્સ ગ્રુપ' દ્વારા ગણેશ ઉત્સવનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું છે. આ વર્ષે સ્થાપિત કરાયેલી ગણપતિ બાપ્પાની મૂર્તિ સંપૂર્ણપણે પ્રદૂષણમુક્ત અને પર્યાવરણપૂરક છે. તેના નિર્માણમાં દ્વારકા નજીક આવેલા નાગેશ્વર ધામ સ્થિત ગોપી તળાવની ગોપીચંદન માટી, કાળી, સફેદ અને લાલ માટી ઉપરાંત કંતાન, સફેદ કાપડ, પૂંઠા, વાંસ અને સુતરી જેવી કુદરતી સામગ્રીનો જ ઉપયોગ કરવામાં આવ્યો છે. આ વર્ષે મહોત્સવમાં રાષ્ટ્રભાવના જાગૃત કરવાના ઉદ્દેશથી રાષ્ટ્રધ્વજ, કમળ, વાઘ, મોર, હોકી, કેરી અને વડલા જેવા રાષ્ટ્રીય પ્રતીકોની કલાત્મક પ્રતિકૃતિઓ સાથે વિશેષ થીમ તૈયાર કરાઈ છે.

મહોત્સવ સમિતિના ભરતસિંહ પરમારે માહિતી આપતા જણાવ્યું હતું કે, દર વર્ષની જેમ આ વખતે પણ પર્યાવરણ સુરક્ષા અને દેશભક્તિના સંદેશ સાથે આયોજન કરાયું છે, જેમાં આરતી પૂર્વે અને પશ્ચાત રાષ્ટ્રગાન ગાઈને



તસવીરઃ હિરેન ગાંધી



શ્રદ્ધાળુઓમાં રાષ્ટ્રભાવના બળવત્તર બનાવાય છે. ભૂતકાળમાં ૧૪૫ કિલોની ભાખરી, ૧૧,૧૧૧ લાડુ, ૫૧.૬ ફૂટ લાંબી અગરબત્તી અને મહાખીચડો બનાવીને વિશ્વવિક્રમો સર્જનાર એઇટ વન્ડર્સ ગ્રુપના કેવલસિંહ રાણા, દિલીપભાઈ વોરલીયા, નિલેષસિંહ પરમાર, કલ્પેશ વાડોલીયા, સતીશ વાડોલીયા, પ્રિયંક શાહ અને યોગેશભાઈ કણજારિયા સહિતના સભ્યો આ ૩૦મા વર્ષના ગણેશોત્સવને સફળ બનાવવા ભારે જિહમત ઉઠાવી રહ્યા છે.

જામનગરમાં ગણેશોત્સવ અંતર્ગત શ્રીજીની મૂર્તિઓના વિસર્જનનો ગઈકાલે આઠમો દિવસ હતો. જામનગર મહાનગરપાલિકા દ્વારા ગણેશ મૂર્તિઓના વિસર્જન માટે ખંભાળિયા બાયપાસ તથા સરદાર રિવેરા ખાતે તૈયાર કરવામાં આવેલા બંને કૃત્રિમ વિસર્જન કુંડ ખાતે ગણેશ ભક્તો અને વિવિધ ગણેશ મંડળો દ્વારા ગણપતિ બાપાની મૂર્તિઓનું શાસ્ત્રોક્ત વિધિથી અને ભક્તિભાવપૂર્વક વિસર્જન કરવામાં આવ્યું હતું.

મહાનગરપાલિકા દ્વારા જાહેર કરવામાં આવેલા સત્તાવાર આંકડા મુજબ, આઠમા દિવસે ખંભાળિયા બાયપાસ વિસર્જન કુંડ ખાતે ૫૮

અનુ પાના નં.૨ પર

# ચેક પરતના કેસમાં સજા પામનાર ફરારી આરોપીને ઝડપી લેતી જામનગર પંચકોષી એ ડિવિઝન પોલીસ

**સમય સંદેશઃ જામનગર**



જામનગર જિલ્લામાં નાસતા-ફરતા આરોપીઓને ઝડપી પાડવા માટે પોલીસ વિભાગ દ્વારા હાથ ધરાયેલી ખાસ ઝુંબેશ અંતર્ગત પંચકોશી 'એ' ડિવિઝન પોલીસે ચેક રિટર્ન કેસમાં કોર્ટ દ્વારા સજા ફટકારાયા બાદ છેલ્લા બે માસથી ફરાર આરોપીને ઝડપી પાડ્યો છે. ગ્રામ્ય ડીવાયએસપી પીયુષ વાંદા તથા પીઆઈ આઈ.એ. ઘાસુરાના માર્ગદર્શન હેઠળ પેટ્રોલીંગમાં રહેલી પોલીસ ટીમને મળેલી ચોક્કસ બાતમીના આધારે હાપા ચાંદની ચોક નજીકથી આરોપી વાસુદેવ ઈશ્વરભાઈ પરમાર (ઉં.વ. ૫૦, રહે. હાપા આવાસ, જામનગર) ને ઝડપી પાડી કાયદેસરની ધોરણસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, પકડાયેલા આરોપી સામે નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એક્ટની કલમ ૧૩૮ હેઠળ જામનગરની બીજી એડિશનલ ચીફ જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટ કોર્ટમાં કેસ ચાલ્યો હતો. જેમાં કસૂરવાર ઠરતા કોર્ટે તેને બે માસની સાદી કેદની સજા અને રૂ. ૨ લાખનું વળતર ચૂકવવાનો હુકમ કર્યો હતો. આ હુકમ બાદ આરોપી સતત બે મહિનાથી ધરપકડ ટાળવા નાસતો-ફરતો હતો. પંચકોશી 'એ' ડિવિઝન પોલીસે તેની અટકાયત કરી આગળની કાર્યવાહી પૂર્ણ કર્યા બાદ તેને જામનગર જિલ્લા જેલ હવાલે કરવાની તજવીજ હાથ ધરી છે.

# જામનગરમાં લેન્ડ રેકર્ડ કચેરીના વર્ગ-૩ના કર્મચારીઓની હડતાળ અવિરત

**સમય સંદેશઃ જામનગર**

ગુજરાત રાજ્ય લેન્ડ રેકોર્ડઝ વર્ગ-૩ ના કર્મચારીઓના ગ્રેડ પે મેટ્રિક્સ (પગાર સુધારણા) અંગેના પડતર પ્રશ્નોનો લાંબા સમયથી ઉકેલ ન આવતા રાજ્ય મંડળના આદેશ અનુસાર જામનગરની ડિસ્ટ્રિક્ટ લેન્ડ રેકોર્ડઝ કચેરીના સર્વેયર સહિતનો વર્ગ-૩ નો સ્ટાફ અગાઉની રજૂઆતો અને પેન ડાઉન હડતાલ બાદ હવે સોમવારથી સંપૂર્ણ હડતાલ પર ઉતરી ગયો છે. જામનગર કચેરીના વર્ગ-૩ કર્મચારી મંડળના પ્રમુખ સી. ડી. નકુમ તથા ઉપપ્રમુખ જીતેશ ફલીયાની આગેવાની હેઠળ કર્મચારીઓ કચેરી નીચે જ વિરોધ પ્રદર્શન પર બેસી ગયા હતા. કર્મચારીઓની આ અચોક્કસ મુદતની હડતાલના કારણે જમીન સર્વે, રેકોર્ડમાં નોંધ પાડવી, જમીન તબદીલી, પ્રોપર્ટી કાર્ડ કાઢવા તેમજ સ્વામિત્વ યોજના સહિતની તમામ મહત્ત્વની સરકારી સેવાઓ અને કામગીરી સજ્જડ બંધ થઈ ગઈ છે.

કર્મચારી મંડળની મુખ્ય માંગણી છે કે, રૂ. ૨૯,૨૦૦-૯૨,૩૦૦ નું પગાર ધોરણ ધરાવતા સિનિયર સર્વેયર સંવર્ગનું પે-મેટ્રિક્સ લેવલ-૫ (ગ્રેડ પે-૨૮૦૦) માંથી સુધારીને લેવલ-૭ (ગ્રેડ પે-૪૪૦૦ એટલે કે રૂ. ૩૯,૯૦૦-૧,૨૬,૬૦૦) કરવામાં આવે. આ ઉપરાંત, રૂ. ૨૫,૫૦૦-૮૧,૧૦૦ નું પગાર ધોરણ ધરાવતા સર્વેયર સંવર્ગનું પે-મેટ્રિક્સ લેવલ-૪ (ગ્રેડ પે-૨૪૦૦) માંથી વધારીને લેવલ-

અનુ પાના નં.૨ પર

# સગીરા દુષ્કર્મ કેસમાં આરોપીની જામીન અરજી રદ

વિભાપર ગામની દલિત સગીરાને ૩૬ વર્ષનો ઢગો ઉપાડી ગયો હતો અને સગીરા ઉપર બળાત્કાર ગુજારેલ હતો.તે કેસમાં મદદગારી કરનાર આરોપી રમેશ રાણાવાયા એ જામીન ઉપર છૂટવા જામનગરની પોક્સો કોર્ટ માં જામીન અરજી કરેલી હતી. તેના વિરોધમાં ભોગબનનાર દલિત સગીરા ના વકીલ કિરણભાઈ બગડા ની દલીલો ગ્રાહ્ય રાખી મદદગારી કરનાર આરોપી ની જામીન અરજી પણ પોક્સો કોર્ટે રદ કરેલી છે આ કેસમાં દલિત પરિવાર વતી વકીલ કિરણભાઈ બગડા.પાર્થ કિરણભાઈ બગડા અને આશાબેન મકવાણા રોકાયા હતા

# સત્યમ અન્ડરબ્રીજમાં ધોળા દિવસે અંધારા



તસવીરઃ હિરેન ગાંધી

**સમય સંદેશઃ જામનગર**

જામનગર મહાનગરપાલિકાના ડેપ્યુટી મેયર ના વોર્ડ નંબર સાતમાં આવેલા સત્યમ અન્ડરબ્રિજમાં અંધારા છેલ્લા ૧૫ થી ૨૦ દિવસથી જોવા મળે છે. અંડર બ્રિજમાં આવેલી આઠ જેટલી લાઇટો બંધ છે જેને કારણે વાહન ચાલકો અને રાહદારીઓને દિવસે પણ પોતાના વાહનની લાઈટોનો પ્રકાશ ફેલાવો પડે છે, કારણ કે અંધકારને લીધે અકસ્માતનો પણ ભય સતાવી રહ્યો છે. ત્યારે ડેપ્યુટી મેયર દ્વારા અંડર બ્રિજમાં આ એવી લાઈટો ચાલુ કરાવવામાં આવે અને તંત્ર પણ આ લાઈટો ચાલુ રહે તે પ્રકારની ઝડપભેર કામગીરી કરે તે ઈચ્છનીય છે.

PRINTER / PUBLISHER / OWNED BY RATHOD ASHOK LALJI * PRINTED AT TIRTH PRINTING PRESS, PLOT NO. H-1112, UDHYOG, GIDC, B/H.GANPATI MANDIR, LALPUR CHOKDI, JAMNAGAR, DIST.: JAMNAGAR, GUJARAT. * PUBLISHED AT SADHNA COLONY, GATE NO.1, OPP. JALARAM MANDIR, PLOT NO.3, NEAR L-4, RANJITSAGAR ROAD, JAMNAGAR-361005.
EDITOR : RATHOD ASHOK LALJI * Mo.No:8866066060 E-MAIL :samaysandeshnewstv@gmail.com